# આપણો શાકાહારી (?) માણસો

## ઋણ સ્વીકાર

આ પુસ્તકમાં ખપમાં લીધેલી અમુક વિગતો અને આંકડાઓ ઘણી બધી સરકારી એજન્સીઓ અને બીજી સામાજિક સંસ્થાઓ (FIAPO, People for Animal, PETA, Beauty Without Cruelty, Jaina E Library, Viniyog Parivar, Vardhman Parivar, Sharan India, Samast Mahajan) જેઓ પ્રાણીઓ પ્રત્યેની અનુકંપા વધારવાનું કાર્ય કરે છે) એમની વેબસાઈટ અથવા તો એમણે પ્રકાશિત કરેલાં સંશોધન પેપરોને આભારી છે. ધીરેનભાઈ શાહની 'ખલેલ' નામની બુકમાંથી અમુક વિગતો મેળવી છે.

## આભાર

આ બુક માટે માર્ગદર્શન, પ્રોત્સાહન અને વાક્યરચના-ભાષાકીય ફેરફાર, વગેરે માટે ચેતનભાઈ શાહ, દિલીપ હરિયા, હેમેન્દ્રભાઈ શાહ, બિમલભાઈ મહેશ્વરી, દશરથભાઈ પટેલ, સોનાલી ધારેશ્વર, મહેશ કારાણી, રાજેશ ગડા, ઉત્તમ પટેલનો હૃદયપૂર્વક આભાર.

મુખપૃષ્ઠ-પૃષ્ઠ ડિઝાઈનઃ **પિયુષ પટેલ**

આ પુસ્તકમાં આપેલી માહિતીનો ઉપયોગ પ્રાણીઓના ઉત્કર્ષ માટે કોઈ પણ વ્યક્તિ કે સંસ્થા કરી શકે છે. એક વિનંતી કરવાની કે પ્રકાશનની એક નકલ અત્રે આપેલા સરનામે મોકલાવશો.

**અતુલ એન. દોશી,** ૪૦૩, સ્કાય હાઈ ટાવર, શંકર લેન, મલાડ વેસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૪
મોબાઈલ નંબર-૦૯૮૨૧૧ ૨૭૪૭૫, E-mail: atul@ahaholdings.co.in

*એક એવો સમય ચોક્કસ આવશે, જ્યારે મારા જેવા માણસો પ્રાણીઓના ખૂન (કતલ)ને એવી રીતે જોશે, જેમ આજે લોકો મનુષ્યના ખૂનને જોઈ રહ્યા છે.*

- Leonardo Da Vinci (ઈટલી દેશનો મહાન ચિત્રકાર અને સાહિત્યકાર)

# આપણે શાકાહારી (?) માણસો

ભારતમાં સદીઓથી આપણી સાંસ્કૃતિક, ધાર્મિક, આર્થિક, કૃષિ અને ખાવા-પીવાની રીતભાત દૂધ સાથે ઘનિષ્ઠ રીતે જોડાયેલી છે. આપણે દૂધ અને દૂધ આપનારી ગાય બન્નેને અતિ પવિત્ર માનીએ છીએ. આપણે ગાયને 'માતા'નો દરજ્જો આપ્યો છે. નદીઓ અને પૃથ્વીને પણ આપણે માતા કહીએ છીએ. આની પાછળની ભાવના એવી છે આ દરેક ઈશ્વરનું વરદાન છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે જેની પાસેથી આપણને કંઈ પણ મળે એની સંભાળ લેવી તે આપણો ધર્મ બને છે. માનવી તરીકે માનવતાનો આ પાયાનો સિદ્ધાંત છે.

જો કે આજના અતિ ભૌતિકવાદના જમાનામાં અને વ્યાપારીકરણના વિશ્વમાં આપણે આપણા પાયાના સિદ્ધાંતો ભૂલી ગયા છીએ. કોને શું થાય છે એની પરવા કરતા નથી. આપણી પાસે સમય નથી અથવા તો કોઈના પણ માટે વિચારવાની ટેવને તિલાંજલિ આપી દીધી છે અને એથી જ આપણને દૂધ આપતાં પ્રાણીઓની દયનીય પરિસ્થિતિથી આપણે સાવ અજાણ છીએ.

આજના સમયમાં પ્રાણીઓનો બિનકુદરતી રીતે મોટી સંખ્યામાં ઉછેર થઈ રહ્યો છે. પ્રાણીઓ હવે જીવ મટી જણસ બની ગયાં છે. કરોડો પ્રાણીઓની કતલેઆમ થઈ રહી છે. ભારત દેશ દૂધ, ચામડું અને માંસ ઉત્પાદનમાં દુનિયાના બીજા દેશોની સરખામણીમાં ખૂબ જ આગળ વધી રહ્યો છે.

આજે આપણે કોઈને પણ પૂછીએ કે 'પ્રાણીઓની હત્યા માટે જવાબદાર કોણ?' તો દરેક લોકો એક જ જવાબ આપશે કે 'માંસ ઉદ્યોગ' પરંતુ શું આ સંપૂર્ણ સાચો જવાબ છે?

આપણે શાકાહારી લોકો... શું સાચે જ ખરા અર્થમાં શાકાહારી છીએ? આ ભયાનક પ્રાણી હત્યાકાંડમાં આપણી જવાબદારી કેટલી?

**ચાલો... વાંચીએ... વિચારીએ... અને જરૂરી પગલાં લઈએ...**

*આ નાની પુસ્તિકા દ્વારા આપ દરેક વાચકની વિચારશક્તિને થોડી* ***'ખલેલ'*** *પહોંચાડવાનો આ નમ્ર પ્રયાસ છે. આશા છે કે આપ દરેકને થોડી* ***'ખલેલ'*** *થાય અને તો જ પ્રાણીઓના જીવન સાથે જે* ***'ખેલ'*** *થાય છે તે ઓછો થાય.*

***પુસ્તિકાની કિંમત:*** *આપનો થોડો સમય... વાંચવા અને વિચારવા માટે*

*શક્ય છે આપે ફાળવેલો થોડો સમય ઘણા જીવોના જીવનના સમયગાળાને વધારી આપે.*

# આપણે શાકાહારી (?) માણસો


| નંબર | વિષય | પાના નંબર |
|---|---|---|
| ૧ | ‘દૂધ’: ગઈ કાલ અને આજ... બદલાતો સમય | ૧-૪ |
| ૨ | ‘શ્વેત ક્રાંતિ’: ડેરી ઉદ્યોગની શરૂઆત... પ્રાણીઓ માટે મૃત્યુઘંટ | ૫-૧૭ |
| ૩ | આજનું દૂધઃ શું એ મનુષ્યો માટે લાભદાયી છે? | ૧૮-૨૬ |
| ૪ | આપણે શાકાહારી (?) માણસો–અહિંસાના સાચા માર્ગે ચાલીએ... | ૨૭-૩૮ |






*‘અહિંસા’ શબ્દ શાકાહારી શબ્દ કરતાં ઘણો વિશાળ છે- ‘અહિંસા’ સંસ્કૃત શબ્દ છે અને એનો અર્થ થાય છે ‘કોઈને નુકસાન કે ઈજા ન પહોંચાડવી.’ શાકાહારી ખોરાક એ અહિંસક જીવનશૈલીનો માત્ર એક ભાગ છે. આપણે અહિંસાના સંપૂર્ણ અને સાચા અર્થને સમજવાની જરૂર છે અને ફક્ત ‘શાકાહારી ખોરાક લેવો’ એ જ અહિંસા એવો સંકુચિત અર્થ ન લેવો જોઈએ.*

# ૧. 'દૂધ': ગઈ કાલ અને આજ.... *બદલાતો સમય*

૧૯૫૦ અને ૧૯૬૦ના દશકામાં ભારતમાં દૂધના ઉત્પાદનનો વિકાસ દર નહિવત્ જેવો હતો. કહી શકાય કે ઘટતો જતો હતો, પરંતુ ૧૯૭૦ પછી શ્વેત ક્રાંતિ-દૂધની ક્રાંતિ થવાથી આખું ચિત્ર બદલાઈ ગયું. દૂધ ઉત્પાદનનો દર ખૂબ જ ઝડપથી વધવા લાગ્યો અને જોતજોતામાં તો આર્થિક લાભના લીધે ભારતભરમાં આને ખૂબ જ મોટી સિદ્ધિ ગણવામાં આવી.

જો કે આપણને ખયાલ પણ ન રહ્યો કે આ કહેવાતી પ્રગતિની આડશમાં શું ચાલી રહ્યું છે; આપણે એના માટે આપણી સંસ્કૃતિ, રીતભાત, માનવતાના સિદ્ધાંતો અને કરોડો પ્રાણીઓનો ભોગ લેવા દીધો. આ વાતનો ખયાલ આપણને છેલ્લાં ૪૦-૫૦ વર્ષમાં પ્રાણીઓ પ્રત્યે આપણાં બદલાયેલાં વર્તન અને અભિગમ તરફ એક નજર નાખીશું ત્યારે આવશેઃ

| પહેલાં (દૂધ જ્યારે સફેદ અને પવિત્ર હતું) | આજે (દૂધનો કલર લાલ છે અને અપવિત્ર છે) |
|---|---|
|  |  |
| **૧.** ગાય-ભેંસને કુટુંબનાં સભ્ય ગણવામાં આવતાં હતાં.<br>ખેડૂતો એમને પોતાનાં સંતાનોની જેમ નામ પાડીને બોલાવતા હતા. | **૧.** આજે પ્રાણીઓ મશીન અને વેપાર માટેની વસ્તુઓ બની ગયાં છે.<br>*આજે એ નામથી નહીં, પણ નંબરથી ઓળખાય છે. એમનાં શરીર પર ગરમ ગરમ લોખંડની પ્લેટોથી નંબરો પાડવામાં આવે છે.* |
| **૨.** પ્રાણીઓનો વિકાસ-ઉછેર કુદરતી રીતે થતો હતો. | **૨.** હવે કૃત્રિમ પદ્ધતિથી વારે વારે પ્રાણીઓને ગર્ભાધાન કરવામાં આવે છે, કારણ કે આ સમય દરમિયાન પ્રાણીઓ વધારે દૂધ આપે છે. સતત ગર્ભાધાનથી પ્રાણીઓનું આયુષ્ય ખૂબ જ ઓછું થઈ જાય છે.<br>*આપણે જીવોના જીવન-મૃત્યુના કુદરતી નિયમનો ભંગ કર્યો.* |

| | |
|---|---|
| **૩.** પ્રાણીઓને ખુલ્લા ખેતરમાં ચરવા દેવામાં આવતાં હતાં. | **૩.** આજે એમને એક જ જગ્યાએ બાંધી રાખવામાં આવે છે.<br>*પ્રાણીઓ હરિયાળાં ખેતરમાં ચરીને સાંજના સમયે ઘરે પાછાં ફરતાં હતાં એવું ગોધૂલીનું સુંદર કુદરતી દૃશ્ય તો હવે જાણે કે ભૂતકાળ બની ગયું છે?!* |
| **૪.** કુદરતી રીતે દૂધનું ઉત્પાદન વધે એવું કરવામાં આવતું હતું. | **૪.** ઑક્સિટોસિન (Oxitocin) નામની હોર્મોન વધારવાની દવાનાં ઈન્જેક્શનો અને બીજી અનેક જાતની દવા અને કેમિકલના ઉપયોગથી વધારે દૂધ મેળવવાના પ્રયાસ કરવામાં આવે છે. ગામડાંમાં 'ફૂકન' પદ્ધતિથી પ્રાણીઓના અંગત ભાગમાં લાકડી નાખીને દૂધ વધારવાના પ્રયત્ન થાય છે.<br>*દૂધનું ઉત્પાદન વધારવાના પ્રયાસમાં માણસજાતિ નવી નવી કેવી ક્રૂર પદ્ધતિઓનો ઉપયોગ કરશે એની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.* |
| **૫.** પ્રાણીઓને હાથેથી દોહવામાં આવતાં હતાં.  આનાથી દૂધ જ્યારે આવતું બંધ થાય એટલે હાથ આપોઆપ અટકી જતા હતા. | **૫.** હવે તો પ્રાણીઓના આંચળને મશીન લગાડીને દૂધ ખેંચવામા આવે છે.<br>*મશીનને સ્પર્શનો અનુભવ હોતો નથી અને એને ખબર નથી કે ક્યારે અટકવું. દૂધની સાથે લોહી અને પરુ પણ ખેંચાઈ આવે છે. પ્રાણીઓને થતી વેદનાની તો વાત જ ક્યાં કરવી!* |
| **૬.** પ્રાણીઓનાં દૂધ પર એમનાં વાછરડાંનો પહેલો હક હતો. | **૬.** વાછરડાનો જન્મ થતાં જ એને એની માતાથી અલગ કરી દેવામાં આવે છે ત્યારે છૂટાં પાડતી વખતે મા અને વાછરડાને થતી વિરહ વેદનાનો ખયાલ આ યાંત્રિક યુગના માનવીને કઈ રીતે આવી શકે?<br>*વાછરડું જો એની માનું દૂધ પીવે તો આપણા માટે દૂધનો પુરવઠો ઓછો પડે અને ડેરીને દૂધના વેપારમાં મોટું નુકસાન થાય.* |

| | |
|---|---|
| **૭.** પહેલાંના સમયમાં કુટુંબની જરૂરિયાત પછી વધેલા દૂધને 'વહેંચવા'નો રિવાજ હતો. | **૭.** આજે દૂધને વેચીને પૈસા કમાવવા એ સામાન્ય બન્યું છે.<br>*દૂધને વેચવા સામે વાંધો નથી, પણ પ્રાણી દૂધ આપતું બંધ થાય એટલે એને પણ વેચી કાઢવું એ કેટલા અંશે વ્યાજબી છે?* |
| **૮.** ખેડૂતો વાછરડાં (માદા હોય કે નર) ને ઉછેરતા હતા. નર વાછરડાને મોટું થાય એટલે ખેતીના કામમાં ઉપયોગમાં લેવામાં આવતું હતું. | **૮.** આજના ટ્રેક્ટર અને યાંત્રિક યુગમાં ખેતીકામ માટે બળદની જરૂર નથી ત્યારે કુમળા વાછરડાના કોમળ માંસ (Veal)ની માગ હોવાને લીધે એને ઉછેરવાની કોઈને જરૂર જણાતી નથી.<br>*બળદને સૃષ્ટિનો પાલનહાર કહેવામાં આવે છે, પરંતુ એ પોતાની ફરજ બજાવે તે પહેલાં બચપણમાં જ એની હત્યા થઈ જાય છે.* |
| **૯.** પ્રાણીઓની મદદથી ખેતી કરવામાં આવતી હતી. | **૯.** ખેતીનો અર્થ જ બદલાઈ ગયો છે.<br>*હવે તો પશુઓની જ ખેતી (Farming) કરવામાં આવી રહી છે. ફૅક્ટરી ફાર્મ (Factory Farm) અને ડેરી ફાર્મ (Dairy Farm)ની ગણતરી હવે ઉદ્યોગમાં થાય છે. પ્રાણીઓને ઉછેરીને મારવા એને ખેતી કહેવાય આવું કોણે શીખવાડ્યું?* |
| **૧૦.** ખેતી માટે પ્રાણીઓના છાણને કીમતી ખાતર (કાચું સોનું) ગણવામાં આવતું હતું. | **૧૦.** હવે ખેતી માટે રાસાયણિક ખાતર અને દવાઓનો વપરાશ થાય છે.<br>*રાસાયણિક ખાતરોના વધુપડતા ઉપયોગને કારણે જમીનો હવે બિનઉપજાઉ બની રહી છે. પંજાબમાં હરિયાળી ક્રાંતિને કારણે જંતુઓને મારવા જંતુનાશક દવાનો ઉપયોગ વધી ગયો છે, પણ એના છાંટનારાઓ જીવલેણ કૅન્સરનો ભોગ બને છે. એક અંદાજ મુજબ છેલ્લાં પાંચ વર્ષમાં પંજાબમાં કૅન્સરને કારણે ૩૩,૦૦૦ કિસાનોનાં મોત થયાં છે. (દિવ્ય ભાસ્કર: ૩૦ જાન્યુઆરી, ૨૦૧૩ના સમાચાર મુજબ)* |

| | |
|---|---|
| **૧૧.** પ્રાણીઓ ૨૦-૨૫ વર્ષનું સામાન્ય આયુષ્ય ભોગવતાં હતાં. | **૧૧.** સતત કૃત્રિમ ગર્ભાધાનને લીધે પ્રાણીઓનું આયુષ્ય ૫-૬ વર્ષનું થઈ ગયું છે. એમનાં હાડકાં નબળાં પડી જાય છે અને એ એમના શરીરનો ભાર પણ ઊંચકી શકતાં નથી. એક વાર દૂધ દેવાનું બંધ થાય એટલે કતલખાને મોકલી દેવાય છે. *પ્રાણીઓ ઉપયોગ કરો અને ફેંકી દો (Use And Throw) એવી વસ્તુઓ બની ગયાં છે. પ્રાણીઓનું આયુષ્ય ધંધાદારી ફાયદા અને નુકસાનને આધારે નક્કી થાય છે.* |
| **૧૨.** પ્રાણીઓ કુદરતી મૃત્યુ પામતાં હતાં. | **૧૨.** કુદરતી મૃત્યુ કરતાં કતલખાને જતાં પ્રાણીઓની સંખ્યા હજારોગણી વધારે છે. *આજકાલ તો પ્રાણીઓનાં કુદરતી મૃત્યુની કલ્પના કરવી જ અઘરી છે.* |
| **૧૩.** ચામડું-પ્રાણીઓનાં કુદરતી મૃત્યુ પછી મેળવવામાં આવતું હતું. | **૧૩.** પ્રાણીઓનાં ચામડાંની વધતી જતી માગને પહોંચી વળવા માટે એમનાં કુદરતી મૃત્યુ સુધીની રાહ જોવાતી નથી. *આપણી સગવડતા માટે આપણે 'ચામડું' શબ્દનો ઉપયોગ કરીએ છીએ. હકીકતમાં એ આપણી જેમ પ્રાણીઓની 'ચામડી' જ છે.* |
| **૧૪.** પ્રાણીઓના શરીરના બીજા ભાગોનો કોઈ ઉપયોગ નહોતો. | **૧૪.** આજે પ્રાણીઓના એક એક ભાગનો પૂરેપૂરો ઉપયોગ આપણી રોજ-બરોજમાં વપરાતી ચીજવસ્તુઓમાં થાય છે, જેમ કે સાબુ, ટૂથપેસ્ટ, બ્રેડ, કૉસ્મેટિક્સ, ઈ... *આપણને ખયાલ પણ નથી આવતો કે કતલખાનાવાળા અને વેપારીઓ, બન્ને ભેગા મળીને આપણને શું વેચે છે? જો કે આપણને શાકાહારી નથી રહેવા દીધા એવું ચોક્કસ લાગે છે.* |

***આપણામાંથી ઘણા બધા લોકોએ ગામડાંમાં ખેડૂતોને ગાય-ભેંસને ચલાવતી વખતે 'હાલ, મારી માવડી' કે બળદોને 'હાલો, મારા બાપ' એમ કહેતાં ઘણી વાર સાંભળ્યા હશે. આજે એ મા-બાપની શી હાલત છે એ વિચારવું રહ્યું.***

# ૨. શ્વેત ક્રાંતિઃ

## આ બધું કઈ રીતે થયું? શા કારણે થયું? કોણે કર્યું?

આજની આ કરુણ પરિસ્થિતિ માટે ફક્ત ખેડૂતો કે દૂધ માટે પશુઉછેર કરવાવાળાઓને દોષ દેવો એ બરાબર નથી. આજના વ્યાપારીકરણના વિષચક્રનો એ લોકો એક નાનો અંશ છે. મોટી ડેરી કંપનીઓ આ ખેડૂતોને વધારે દૂધ મેળવવાના અમાનવીય નુસ્ખાઓ શીખવાડે છે. ભૌતિકવાદની આ દોડમાં નાના ખેડૂતો પણ ઘસડાઈ રહ્યા છે. જે વસ્તુઓનો વપરાશ વધતો જાય છે એનું ઉત્પાદન કોઈ પણ રીતે વધવાનું જ છે અને આ **'કોઈ પણ રીત'**માં પ્રાણીઓનું જીવન નર્ક સમાન બની ગયું છે.

## ડેરી ઉદ્યોગની શરૂઆત... *પ્રાણીઓ માટે મૃત્યુઘંટ*

૧૯૭૦ના વર્ષમાં શ્વેત ક્રાંતિના લીધે ભારતમાં ડેરી ઉદ્યોગની શરૂઆત થઈ અને આથી ભારતમાં દૂધ ઉત્પાદન પ્રવૃત્તિ પર વિદેશી ડેરી ઉદ્યોગ-કંપનીઓની નજર પડવા લાગી. ડેરી ઉદ્યોગે નવી અને કદી ન સાંભળેલી હોય એવી ક્રૂર પદ્ધતિથી દૂધનું ઉત્પાદન વધારવાની શરૂઆત કરી દીધી, પરંતુ એમની ભૂખ ફક્ત દૂધથી સંતોષાવાની નહોતી. દૂધની સાથે સાથે એમની આવક વધારવાનાં બીજાં સાધનો શોધવાનાં ચાલુ થઈ ગયાં. એ માટે એમણે સૌથી સહેલો રસ્તો અપનાવ્યો 'ઓછા સમયમાં વધારે દૂધ મેળવવું અને દૂધ આપતાં બંધ થાય એવાં પ્રાણીઓને માંસ ને ચામડાં માટે કતલખાનામાં ધકેલી દેવાં.' બ્રાઈટ ગ્રીન નામની સંસ્થાના રિપોર્ટ મુજબ જ્યારે પણ વિદેશી ડેરી કંપનીઓ કોઈ પણ દેશમાં ડેરી સ્થાપે છે ત્યારે એ દેશમાં કતલખાનાં અને માંસ-ચામડાંની નિકાસની કેવી શક્યતાઓ છે એની તપાસ પહેલાં કરે છે.

આપણે ભારતમાં અમૂલ ડેરી માટે ખૂબ જ ગૌરવ લઈએ છીએ, પરંતુ એના મૅનેજિંગ ડાયરેક્ટરનો લેખ જે ઈકોનોમિક ટાઈમ્સ છાપામાં (૯ ઓગસ્ટ, ૨૦૧૩) આવેલો એમાં એમણે ચોખ્ખું લખેલું: 'પ્રાણી ઉછેરથી દૂધ અને માંસમાંથી આવક મળે છે.' એમના કહેવા મુજબઃ 'ડેરી માટે માંસ એ અગત્યનું આવકનું સાધન છે.'

Peta India નામની સંસ્થાએ Youtube પર મુકેલી વિડિયો જોવાથી આપણને ડેરી ઉદ્યોગની પ્રાણીઓ પરની ક્રૂરતાનો ખયાલ આવશે.

http://www.youtube.com/watch?v=FIkG0wr5fh8.

***માંસાહારને અટકાવવા માટે એક વાક્ય વારંવાર વપરાય છે: 'કતલખાનાને જો કાચની દીવાલ હોય તો દરેક વ્યક્તિ શાકાહારી બની જાય.' માંસાહારી વ્યક્તિ પણ કતલખાનામાં થતાં સંહારને ન જોઈ શકે. આવી જ રીતે, શાકાહારી લોકો પણ જો ડેરીઓમાં ચાલતા પ્રાણીઓ પરના અત્યાચારને જોઈ અને જાણી લે તો દૂધનો વપરાશ કરતા પહેલાં ૧૦૦ વાર વિચાર કરે.***

## વિકસિત દેશોનાં ડેરી માર્કેટની આજની પરિસ્થિતિ

છેલ્લાં ૨૪ વર્ષમાં આખી દુનિયામાં દૂધનું ઉત્પાદન ૩૨%થી વધ્યું, પરંતુ વિકસિત દેશોમાં ઉત્પાદન અને વપરાશ ઘટી રહ્યો છે. છેલ્લાં ૨૦ વર્ષના રિપોર્ટ મુજબ ત્યાં દૂધનો વપરાશ મહદઅંશે લગભગ સરખો રહ્યો છે. ગયા વર્ષે 'ન્યુ યોર્ક ટાઈમ્સ'ના માર્ક બીટમેન નામના પત્રકારના જણાવ્યા મુજબ માંસ માટેની અમેરિકન માગ ઝડપથી ઘટી રહી છે અને ત્યાંના કૃષિખાતાના અંદાજ મુજબ હજી વધારે ઘટાડો થશે અને એથી ત્યાંના ડેરી ઉદ્યોગને પણ અસર થશે.

વિકસિત દેશો પર્યાવરણ અને નાગરિકોનાં સ્વાસ્થ્ય માટે એમની ખાવાની રીતભાતમાં ફેરફાર કરી રહ્યા છે. કાયદામાં જરૂરી સુધારા કરી રહ્યા છે અને દૂધ ને માંસના વપરાશને પ્રોત્સાહન નથી આપતા ત્યારે આપણી સરકાર તદ્દન ઊલટા રસ્તે જઈ રહી છે. આપણા ભૂતપૂર્વ-ખેતીખાતાના મંત્રી શરદ પવારે જાહેર કર્યું હતું કે દૂધની વધતી જતી માગને પહોંચી વળવા માટે આવતાં વર્ષોમાં સરકાર નૅશનલ ડેરી પ્લાનને ઝડપથી અમલમાં મૂકશે. ૨૦૧૭ના વર્ષ સુધીમાં આપણા દેશને ૧૫૦ મિલિયન ટન દૂધની જરૂર પડશે અને ૨૦૨૨ના વર્ષ સુધીમાં ૧૮૦ મિલિયન ટનની જરૂર પડશે. દૂધ આપતાં પ્રાણીઓની ક્ષમતા ખૂબ જ વધારવી પડશે અને પ્રાણીઓના ઉછેર ને ખોરાક માટે વૈજ્ઞાનિક પદ્ધતિથી કામ કરવું પડશે.

### ભારતમાં ડેરી માર્કેટ

સો કરોડથી પણ વધારે વસતિવાળા ભારત દેશમાં જ્યાં વિવિધ ધર્મ અને જાતિના લોકો વસે છે ત્યાં દૂધ ને દૂધ બનાવટની વસ્તુઓ માટેનું ખૂબ મોટું માર્કેટ છે. આજે ભારત દેશનું ડેરી ઉદ્યોગનું ટર્નઓવર રૂપિયા ૪,૦૦,૦૦૦ કરોડ (USD 70 Billion) જેટલું છે અને એ ૨૦૨૦ના વર્ષ સુધીમાં વર્ષના ૧૩%-૧૫%ના વાર્ષિક વૃદ્ધિ દરથી બમણું થઈ જવાનું છે.

ક્રેડી સૂઈ (Credit Suisse)ના ૧૧/૧૦/૨૦૧૩ના રિપોર્ટ મુજબ છેલ્લાં થોડાં વર્ષોમાં ભારતમાં વ્યક્તિદીઠ અનાજ અને કઠોળનો વપરાશ ઘટ્યો છે, જ્યારે દૂધ અને માંસનો વપરાશ વધ્યો છે.

> ***'કોઈ પણ વેપાર ઉદ્યોગ સાવ સરળ ન હોઈ શકે, પરંતુ વધતી જતી માગને પહોંચી વળવા માટે ગાય-ભેંસને હોમી દેવામાં આવે છે એ બરાબર નથી. જ્યારે દરેક ઘરમાં પોતાની ગાય હતી અને એની કુટુંબના સભ્યની જેમ દેખભાળ કરવામાં આવતી હતી ત્યારની વાત જુદી હતી.'***
>
> **- શ્રીમતી મેનકા ગાંધી**

## વેપાર... વેપારીકરણ... અને 'ચીજ-વસ્તુ'ઓની લેવડદેવડ

આજના આર્થિક ઉદારીકરણના જમાનામાં જરૂર છે આ ચીજ-વસ્તુઓની યાદી તરફ નજર નાખવાની.

| ધંધાનું ક્ષેત્ર | કોનો ભોગ લેવામાં આવે છે |
|---|---|
| દૂધ, માંસ, ચામડું | પ્રાણીઓ |
| ભણતર | વિદ્યાર્થીઓ |
| મેડિકલ, દવા, હૉસ્પિટલ | દરદી |
| સંરક્ષણ સાધનો (ડિફેન્સ) | દરેક નાગરિકો |

બહુ દૂરના સમયમાં નહીં, પણ ફક્ત ચાલીસ-પચાસ વર્ષ પહેલાંના સમયમાં નજર નાખીએ તો જણાશે કે કોષ્ટકમાં આપેલાં દરેક ક્ષેત્રમાં વેપારની માત્રા નામ પૂરતી હતી. જરૂરિયાત મુજબ લેવડ-દેવડ થતી હતી, પરંતુ હવે આપણે પાક્કા વેપારી બની ગયા છે. જીવનની દરેક બાબતોને ચીજ-વસ્તુઓનું લેબલ મારીને એમને માર્કેટમાં વેચીએ છીએ.

*શું મેળવીએ છીએ... અને શું ગુમાવીએ છીએ... એની ખબર નથી*

મોટરકાર કે મોબાઈલ ફોનની આપણી માગ વધે તો નવાં નવાં મશીન નાખીને એનું ઉત્પાદન ઝડપથી અને અનેકગણું કરી શકાય. જૂના પ્રકારનાં મશીનોને ફેંકી દેવામાં આવે. જાહેરાતો આપીને આપણને જરૂર ન હોય તો પણ આ વસ્તુઓની માગ (Demand) વધારી શકાય. આ રીત હિતાવહ તો નથી, પણ ચલાવી લેવામાં આવે, કારણ કે આમાં કોઈ જીવના જીવન-મૃત્યુનો સવાલ નથી, પરંતુ બીજી દરેક વસ્તુઓની જેમ વધારેમાં વધારે જાહેરાતોથી ડેરી વસ્તુઓની માગ વધી રહી છે એ પ્રાણીઓ માટે નર્ક સમાન થઈ રહ્યું છે. ***ભારત દેશમાં દૂધને વેચવા માટે જાહેરાતો આપવામાં આવશે એવી કલ્પના પણ કોઈએ થોડાં વર્ષ પહેલાં નહીં કરી હોય.***

જો કે આજના સમયમાં આપણે એક વાત ભૂલી જઈએ છીએ કે જેવું વાવીએ તેવું લણીએ. જ્યારે મોટી મોટી કંપનીઓ કોઈ પણ ધંધામાં દાખલ થાય છે ત્યારે 'નફાનો વધારો' એ મંત્ર બની જાય છે. વેપારમાં શોષણ કરતી વ્યક્તિ માણસ કે પ્રાણીમાં ફરક કરતી નથી.

***કોઈ પણ ક્ષેત્રના વિકાસ સામે વાંધો નથી, પરંતુ જે પ્રવૃત્તિઓ માણસ કે પ્રાણીઓના જીવન માટે અતિ મહત્ત્વની હોય એવું વેપારીકરણ કરવું કેટલું યોગ્ય છે એ આપણે દરેકે વિચારવું રહ્યું.***

## દૂધ અને માંસ... ભ્રમણા અને સત્ય-

***ડેરી ઉદ્યોગની દૂધ, માંસ અને ચામડાંના વેપારમાં કેવી અસર થઈ એ માટે આપણે થોડા આંકડા પર નજર નાખીએ...***

| વર્ષ | દૂધનું ઉત્પાદન (લાખ ટન) | પ્રાણીઓના માંસનું ઉત્પાદન (લાખ ટન) | પ્રાણીના માંસની નિકાસ (લાખ ટન) | કતલખાનામાં કતલ કરાયેલાં પ્રાણીઓની સંખ્યા | ચામડાંનું ઉત્પાદન** |
|---|---|---|---|---|---|
| ૧૯૫૦ | ૧૭૦.૦૦ | ૧.૪ | ૦ | ૧૩ લાખ | ૫૭ લાખ જોડી |
| ૧૯૬૯ | ૨૧૨.૦૦ | ૧.૭૩ | ૦ | ૧૬.૨૩ લાખ | ૧૬૧ લાખ જોડી |
| શ્વેત ક્રાંતિ- ૧૯૭૦ પછીનો સમય | | | | | |
| ૧૯૯૦ | ૫૩૯.૦૦ | ૨૧.૬૧ | ૦૦.૮૫ | ૧.૪૪ કરોડ | ૧૯૯૫ લાખ જોડી |
| ૨૦૧૩ | ૧૩૪૫.૦૦ | ૩૭.૫૦ | ૧૬.૫૦ | ૩.૭૮ કરોડ | ૨૦,૬૫૦ લાખ જોડી |

**** આ આંકડાઓ ફક્ત જૂતાંની જોડીઓ માટેના છે. ચામડાંની બીજી વસ્તુઓનો આમાં સમાવેશ નથી.**

ઉપર આપેલા આંકડા પરથી આપણને જણાશે કે શ્વેત ક્રાંતિ પછી દૂધની સાથે સાથે માંસ અને ચામડાંનું ઉત્પાદન એક સરખી ઝડપથી થઈ રહ્યું છે. દૂધની ક્રાંતિ પાછળ પાછળ માંસ ઉદ્યોગનો પણ વિકાસ થઈ રહ્યો છે.

**ભારતમાંથી થતી નિકાસ**-નીચે આપેલા કોષ્ટક (Table)માં નજર નાખવાથી આપણને ખયાલ આવશે કે 'અહિંસા'નો જનક ભારત દેશ વિદેશી હૂંડિયામણ મેળવવા માટે શું શું કરે છે.

**વર્ષ ૨૦૧૨-૧૩**

| નં. | વસ્તુઓ | લાખ ટન | રૂપિયા | દુનિયાની નિકાસના % | નિકાસમાં ભારતનું સ્થાન |
|---|---|---|---|---|---|
| ૧ | દૂધ/દૂધ બનાવટની વસ્તુઓ | ૧૩૪૦ | ૧૪૧૨ કરોડ | ૧.૬૦% | અઢારમું |
| ૨ | પ્રાણીઓનું માંસ | ૧૭ | ૨૧,૦૦૦ કરોડ | ૨૫% | પહેલું |
| ૩ | ચામડું | જૂતાં/જૅકેટ, વિ. | ૨૭,૦૦૦ કરોડ | ૩% | નવમું |
| ૪ | ચિકન | ૩૫ | ૫૦૦ કરોડ | -- | ત્રીજું |
| ૫ | ઈંડાં | -- | ૫૦૦ કરોડ | -- | -- |
| ૬ | માછલી, વગેરે દરિયાઈ પ્રાણીઓ | ૮ | ૧૩,૦૦૦ કરોડ | ૬% | પાંચમું |

***જ્યાં સુધી માણસ પ્રાણીઓની હત્યા કર્યા કરશે ત્યાં સુધી માણસો એકબીજાની હત્યા કર્યા કરશે. જે નિર્દોષ જીવોના મૃત્યુનાં બીજ વાવે છે એ કદી પણ આનંદ કે પ્રેમ નહીં પામે.'*** – પાયથાગોરસ (ગ્રીસનો ફિલસૂફ)

## વિકાસ (?)ના દર... *આ વિકાસ છે કે વિનાશ?*

* દૂધનું ઉત્પાદન- દુનિયામાં સૌથી વધુ દૂધ ઉત્પાદન. વિશ્વનું ૧૬% દૂધ ઉત્પાદન ભારતમાં થાય છે. ભારતનો વાર્ષિક વૃદ્ધિ દર ૩.૫૦% છે, જ્યારે દુનિયાના દેશોમાં વૃદ્ધિ દર સરેરાશ ૧.૫૦% છે.

* દૂધની નિકાસ- વાર્ષિક વૃદ્ધિ દર ૧૬% છે, જ્યારે દુનિયાના દેશોમાં સરેરાશ ૬% છે.

દૂધના વૃદ્ધિ દરની અસર માંસ અને ચામડાં પર

* પ્રાણીઓની કતલની સંખ્યામાં ભારત દુનિયામાં ત્રીજા ક્રમે છે.

* માંસ ઉત્પાદનમાં ભારત દુનિયામાં પાંચમા ક્રમે છે.

* પ્રાણીઓના માંસની નિકાસ- છેલ્લાં દસ વર્ષમાં વાર્ષિક વૃદ્ધિ દર ૧૫%

* ૨૦૧૨-૧૩ના વર્ષમાં ભેંસના માંસની નિકાસમાં ભારત એક નંબર છે અને સમગ્ર વિશ્વની નિકાસમાં એનો હિસ્સો ૫૦% છે. ભેંસના માંસનું ઉત્પાદન ૨૦૧૦ અને ૨૦૧૩ના સમયગાળામાં ૧૦૦% વધ્યું.

* ચામડાંના ઉત્પાદનમાં ભારત વિશ્વમાં બીજા ક્રમે છે. વાર્ષિક વૃદ્ધિ દર ૧૨% છે. દુનિયાનાં ૧૦% ચામડાંનું ઉત્પાદન ભારતમાં થાય છે.

*ઉપરોક્ત નિકાસના આંકડામાં લાખો પ્રાણીની બાંગ્લાદેશમાં ગેરકાયદે થતી નિકાસ સામેલ નથી.*

ઑલ ઈન્ડિયા મીટ અને પ્રાણીઓના નિકાસ સંગઠનના પ્રમુખ રશીદ કાદિમીના જણાવ્યા



પ્રમાણે માંસની નિકાસ કરતાં પણ ગેરકાયદે પ્રાણીઓની નિકાસ વધારે છે એ અટકાવવાની જરૂર છે. એમના જણાવ્યા પ્રમાણે ભારતમાંથી રૂપિયા ૩૦,૦૦૦ કરોડ (5 Billion)નાં પ્રાણીઓની ગેરકાયદે નિકાસ બાંગ્લાદેશ, પાકિસ્તાન અને નેપાળમાં થાય છે. (**નોંધ**- આપણને આ ગેરકાયદે નિકાસનો રૂપિયા ૩૦,૦૦૦ કરોડનો આંકડો કદાચ બહુ મોટો લાગે, પરંતુ સંખ્યા ઘણી વધારે અને ગંભીર છે એ નિર્વિવાદ છે. ભારતમાંથી માંસની નિકાસને બંધ કરાવવા માટે ઘણી સંસ્થા પ્રયત્નો કરે છે, પણ એના લીધે પ્રાણીઓની ગેરકાયદે નિકાસ વધી જાય એવી શક્યતાઓ ઘણી છે.)

***જ્યારે પણ લોકો કહે કે 'આપણે બહુ લાગણીશીલ ન બનવું જોઈએ' ત્યારે આપણે સમજવું કે એ લોકો કાંઈક તો ક્રૂર કાર્ય કરવા જઈ રહ્યા છે અને વધારામાં જ્યારે એ લોકો એમ કહે કે 'આપણે વ્યાવહારિક બનવું જોઈએ' ત્યારે સમજવું કે એ લોકો એમાંથી પૈસા કમાવવાની વાત કરી રહ્યા છે.***

**- Brigid Brophy** *(બ્રિટિશ નવલકથાકાર અને પ્રાણીઓના હક માટે લડનાર)*

# ચામડું
## (Leather)

## પ્રાણીઓની ચામડીનો વેપાર પ્રાણી હિંસામાં બહુ મોટો ભાગ ભજવે છે...

**ચામડું– બદલાતો સમય અને ચામડું મેળવવાની બદલાતી રીત...**

૧. પહેલાંના સમયમાં પ્રાણીઓનાં કુદરતી મૃત્યુ પછી એમનાં ચામડાંનો ઉપયોગ કરવામાં આવતો હતો.

૨. ત્યાર પછીના સમયમાં કતલખાનામાંથી માંસની આડ-પેદાશ (By Product) તરીકે ચામડું મેળવવામાં આવતું હતું.

૩. હવે દેશ-વિદેશમાં વધતી જતી ચામડાંની માગને પહોંચી વળવા માટે પ્રાણીઓનો ઉછેર કરવો છે અને પ્રાણીઓને મારીને ચામડું મેળવ્યા પછી એ પ્રાણીઓના શરીરને માંસ ઉદ્યોગને વેચી દેશે.




***'ચામડું હવે માંસ ઉદ્યોગની આડ-પેદાશ નથી રહ્યું અને એનો વેપાર ખૂબ જ નફાકારક બની રહ્યો છે.'***

ભારત સરકારની યોજના મુજબ આજના રૂપિયા ૨૭,૦૦૦ કરોડના નિકાસની સામે ૨૦૧૬-૧૭ના વર્ષ સુધીમાં ચર્મ ઉદ્યોગની નિકાસ રૂપિયા ૮૪,૦૦૦ કરોડ (USD ૧૪ Billion) પહોંચી જશે, જે ૨૫%નો વાર્ષિક વૃદ્ધિ દર દર્શાવે છે.

***વિચાર તો કરીએ...*** આ ત્રણ ગણી નિકાસનું લક્ષ્ય... આટલી સંખ્યામાં પ્રાણીઓ આવશે ક્યાંથી? ડેરી ઉદ્યોગની સહાય વગર આટલાં પ્રાણીઓ મળવાં મુશ્કેલ છે. ચર્મ ઉદ્યોગના વિકાસના લક્ષ્ય સાથે ડેરી ઉદ્યોગના વિકાસનું લક્ષ્ય જોડાયેલું છે એ આપણે સમજી લેવું જોઈએ.

***આપણી અતિ પવિત્ર ગંગા નદી ચર્મ ઉદ્યોગને કારણે ખૂબ જ પ્રદૂષિત છે અને ગંગા નદીને શુદ્ધ કરવા માટે સરકારે ખર્ચેલા રૂપિયા ૨૦,૦૦૦ કરોડ હકીકતમાં પાણીમાં જ ગયા છે એટલે કે સદંતર નકામા ગયા છે.***

**લેધર કાઉન્સિલના રિપોર્ટ પ્રમાણેઃ** ભારતમાં ચર્મ ઉદ્યોગને અતિ પ્રમાણમાં ***'કાચો માલ'*** (પ્રાણીઓ) મળી રહ્યો છે, કારણ કે વિશ્વનાં ૨૧% પ્રાણીઓ અને ૧૧% ઘેટાં-બકરાંની વસતિ ભારતમાં છે. ૯ એપ્રિલ, ૨૦૧૩ના 'ઈકોનોમિક ટાઈમ્સ'ના સમાચાર મુજબ વધતી માગને પહોંચી વળવા માટે ચર્મ ઉદ્યોગ પ્રાણીઓનો ઉછેર કરશે. આનો ચોખ્ખો મતલબ એ જ થાય કે પ્રાણીઓનો ઉછેર કરીને એમને માત્ર ચામડું મેળવવા માટે મારી નાખવાં.

દુનિયાના અતિ વિકસિત દેશો પર્યાવરણ અને એના નાગરિકોનાં સ્વાસ્થ્યને ધ્યાનમાં લઈને ચામડું બનાવવાની પ્રક્રિયા (Leather Tanning) પોતાના દેશમાં કરવા નથી માગતા. એ ભારત અને બાંગ્લાદેશમાંથી ચામડાંની આયાત કરવાનું વધારે પસંદ કરે છે. ચામડું બનાવવાની પ્રક્રિયા એવી છે કે જેમાં કામ કરતા માણસોનાં આરોગ્ય માટે એ ખૂબ જ જોખમદાયક છે અને એનાથી પાણીનું પ્રદૂષણ પણ બહુ જ થાય છે.







*'પ્રાણીઓનું દૂધ લેશું ત્યાં સુધી ભગવાન માફ કરશે,*
*પરંતુ આપણે જ્યારે એમનાં લોહીની ધાર વહેરાવશું તો ભયંકર મુશ્કેલીમાં મુકાશું.'*

**-જયભિખ્ખુ નામના લેખકના એક પુસ્તકમાંથી.**

# દૂધ, માંસ અને ચામડાના ઉત્પાદનમાં એકસાથે વધારો થવો

## – આ જોગાનુજોગ નથી...

**આ**પણા માટે અજાણ્યું લાગે છે, પણ આ ગણતરીપૂર્વક થઈ રહ્યું છે એનો ખયાલ નીચે આપેલી થોડી વિગતથી સમજાશે, જેમાં સરકાર અને બીજી સંસ્થાઓ આ બાબતમાં શું કહે છે:

૧. 'બહુ મોટું પશુધન હોવા છતાં માંસ ઉદ્યોગને જોઈએ એવો હિસ્સો નથી મળ્યો. દૂધ ઉત્પાદનમાં ભારત દુનિયામાં એક નંબર છે, પરંતુ એની સાથે માંસ ઉત્પાદનનો વિકાસ થવો જોઈએ એ નથી થયો.' ભારત સરકારના વાણિજ્ય ખાતાની વેબસાઈટ મુજબ

૨. 'ભારતમાં વધતી જતી દૂધની માગને કારણે ભેંસના માંસનું ઉત્પાદન વધી રહ્યું છે અને આ ડેરી ઉદ્યોગના વિકાસને કારણે થઈ રહ્યું છે.' અમેરિકાના ખેતી વિભાગના અહેવાલ મુજબ

૩. 'સફેદ ક્રાંતિ તો જ સફળ થશે, જ્યારે બિનજરૂરી પ્રાણીઓને અલગ કરીને માંસની નિકાસ વધારવામાં આવે.' માંસના મોટા નિકાસકાર 'અલ્લાના કંપની'ના રિપોર્ટ મુજબ

૪. જુલાઈ, ૧૯૯૫માં ભારત સરકારે આપણી સુપ્રીમ કોર્ટમાં જણાવ્યું કે 'આ તદ્દન સ્પષ્ટ છે કે સરકાર વૈજ્ઞાનિક પદ્ધતિથી પશુધનના વિકાસ અને એના વપરાશ માટે (જેમાં સારી ગુણવત્તાના માંસનું ઉત્પાદન પણ આવી જાય છે) પ્રોત્સાહન આપી રહી છે.'

૫. પશુપાલન અને ડેરીખાતાના અધિકારીના કહેવા પ્રમાણે 'એ હકીકત છે કે સરકાર વિદેશોમાં પ્રચલિત પદ્ધતિ પ્રમાણે માંસનું ઉત્પાદન વધારવા પર ખાસ ધ્યાન આપી રહી છે. અમારા મંત્રાલયે આ બાબતમાં અગત્યનો ભાગ ભજવ્યો છે અને અમને એનો આનંદ છે. કૉમર્સ અને ઈન્ડસ્ટ્રીઝના નિકાસ વિભાગે (APEDA) માંસની ગુણવત્તા સુધારવા માટે કમર કસી છે. છેલ્લા એક વર્ષમાં ૧૭૦ આધુનિક કતલખાનાંને મંજૂરી આપવામાં આવી છે અને રૂપિયા ૧૫ કરોડની રાહતો (Subsidy) બીજાં કતલખાનાંને આધુનિક બનાવવા માટે આપી છે.'

૬. ૧૯૨૯ના વર્ષમાં શ્રી જવાહરલાલ નેહરુએ કહેલુ કે ''હું જ્યારે ભારતનો વડા પ્રધાન થઈશ ત્યારે મારું પહેલું કામ ગાયનાં કતલખાનાં બંધ કરાવવાનું હશે.'' ૧૯૫૦ના વર્ષમાં ૩૫૦ કતલખાનાં હતાં, જ્યારે આજે એક લાખથી પણ વધારે છે. કતલખાનાંની સંખ્યા પણ ૧૯૭૦ પછી જ વધી છે. જ્યારથી ભારત સરકારે કતલખાનાં સ્થાપવા માટે રાહતો (Subsidy) આપવાની શરૂઆત કરી.

*શ્વેત ક્રાંતિનું પરિવર્તન ગુલાબી (માંસ) ક્રાંતિમાં થયું. ડેરી ઉદ્યોગની છત્રછાયામાં માંસ ઉદ્યોગ પણ ફૂલીફાલી રહ્યો છે. આ વાત ભારત સરકાર કે બીજી સંસ્થાઓ પણ સીધી કે આડકતરી રીતે સ્વીકારે છે.*

*સદીઓ અગાઉ ભારતમાં દૂધ અને ઘીની નદીઓ વહેતી હતી. ભારત સરકારે ફરી વાર એ કરવાની કોશિશ કરી, પણ! આ વખતે બીજો એક છુપાયેલો બદઈરાદો હતો અને એને કારણે દૂધની સાથે પ્રાણીઓનાં લોહીની નદીઓ પણ વહેવા લાગી.*

## આપણા ભારત દેશમાં પશુરક્ષા માટે કેવા કાયદા છે?

### - આપણે પશુઓની મજાક કરી રહ્યા છીએ...

અહિંસાના જનક ભારત દેશમાં ભારતીય નાગરિકોને ખુશ કરવા અને શાંત રાખવા પશુરક્ષાના કાયદાઓ કરવા પડે, પરંતુ દૂધ-માંસ-ચામડાનું ઉત્પાદન વધારવું હોય તો એમાં છટકબારીઓ પણ રાખવી પડે, જેથી કરીને કાયદાનો કોઈ પણ મતલબ જ ન રહે.

ભારત દેશના બંધારણમાં કલમ ૫૧-જી મુજબ દરેક નાગરિકની ફરજ છે કે 'એણે દરેક જીવ પ્રત્યે દયા દાખવવી...' પરંતુ કલમ ૩૮-એ મુજબ 'દરેક રાજ્યએ ગાય, વાછરડાં અને બીજા દૂધાળાં પ્રાણીઓની કતલ ન થાય એ માટે 'પ્રયત્ન' કરવો એવું લખવામાં આવ્યું છે. આપણે બંધારણના પાયામાંથી જ પશુરક્ષાના કાયદાને પોકળ બનાવી દીધા છે અને એથી ત્યાર પછીના કાયદાઓ બન્યા એનો બહુ મતલબ રહ્યો નહીં.

<u>હવે પ્રાણી કલ્યાણના બે કાયદા પર નજર નાખીએ</u>

૧. પશુપાલન, ડેરી અને મત્સ્યપાલન વિભાગ (કૃષિખાતાનો એક ભાગ) જે પશુધન ઉત્પાદન, જાળવણી, રક્ષણ, ડેરી વિકાસ સુધારણા વિ. માટે જવાબદાર છે એ કતલખાનાં સ્થાપવા માટે સબસિડી આપે છે.

૨. ભારત પશુ કલ્યાણ બોર્ડ (Animal Welfare Board) જેની સ્થાપના પ્રાણીઓની ક્રૂરતા નિવારણ, ૧૯૬૦ના કાયદા નીચે કરવામાં આવી હતી. એના બંધારણમાં પ્રાણીઓ પ્રત્યે દયા દાખવવી એવું દર્શાવવામાં આવ્યું છે. એ ઘણાં સારાં કાર્ય કરે છે, પરંતુ સાથે સાથે એનાં અમુક કાર્ય કેવાં છે એના પર એક નજર નાખીએ...

◆ પ્રાણીઓને કતલખાને લઈ જવામાં આવે ત્યારે વાહનોમાં કેવી રીતે લઈ જવાં એના કડક કાયદા બનાવવા, જેથી કરીને પ્રાણીઓને ઓછી તકલીફ થાય.

◆ કતલખાનાંએ પ્રાણીઓની માનવીય રીતે કતલ થાય એવા કાયદા બનાવવા.

◆ સરકારને કતલખાનું કેવું હોવું જોઈએ એની સલાહ આપવી, જેથી કરીને પ્રાણીઓને કતલ કરતાં પહેલાં બને એટલી ઓછી પીડા થાય.

◆ કસાઈઓને પ્રાણીઓની માનવીય રીતે કતલ કઈ રીતે કરાય એની તાલીમ આપવી એવું સૂચવવું.

◆ પશુ કલ્યાણ બોર્ડની નોંધ પ્રમાણે માનવી અને પશુઓની વધતી જતી સંખ્યા એમના બન્ને વચ્ચેના સંઘર્ષનું કારણ બન્યું છે.

*પ્રાણીઓ ચૂંટણીમાં મત આપતાં નથી તો કોણ એમના માટે બોલશે અને કોણ સાંભળશે.*



## ધારો કે પ્રાણીઓ આપણને પૂછે કે ક્યા શબ્દકોશ (Dictionary)માં શબ્દોના આવા અર્થ આપવામાં આવ્યા છે-

◆ જેમાં પ્રાણીઓની માનવીય રીતે કતલ કરવી એને દયા દાખવવી કહેવાય- *કતલ અને દયા બન્ને શબ્દ સાથે કઈ રીતે આવે? માનવીય રીતે અમને મારો એ ક્રૂરતા ન કહેવાય? કોઈને મારવું એ જ અમાનવીય કાર્ય નથી?*

◆ પશુકલ્યાણ એટલે પ્રાણીઓને મારવાં, પરંતુ એમને મારતી વખતે બને એટલી ઓછી અને બિનજરૂરી પીડા ન થાય એમ કરવું? *મરતા જીવને કેટલી પીડા થયેલી એ કોણ જાણી શકે અને પીડા તો હંમેશાં બિનજરૂરી જ હોય ને.*




◆ પશુધનની જાળવણી અને રક્ષણ માટેનું સરકારી ખાતું કતલખાનાં સ્થાપવા માટે સબસિડી આપતું હોય? *અમને 'જાળવણી' અને 'રક્ષણ'નો મતલબ સમજાવશો? 'પશુપાલન' અને 'પશુકલ્યાણ'નો અર્થ શું થાય?*

◆ *તમે માનવીની કતલ માટે 'ખૂન' શબ્દનો પ્રયોગ કરો છો તો અમારી કતલને ખૂન ન કહેવાય?*

**શું તમારી સરકાર અમારા માટે જ આવા કાયદાઓ બનાવે છે કે મનુષ્યો માટેના કાયદાઓ પણ આવા જ છે?**

કોઈ પ્રાણી મનુષ્યને મારે તો એને આદમખોર કહેવાય. મનુષ્ય પ્રાણીને મારે તો એને શું કહેવાય?

આ કાયદાઓ પ્રાણી'રક્ષણ'ના છે કે 'ભક્ષણ'ના?

***આપણે આ ચાલવા દઈએ છીએ અને સરકારી દંભ અને વિરોધીભાસી નીતિ (Double Standard)ના ભાગીદાર બનીએ છીએ. આ દંભ આપણને જ ભારે પડે છે. આ દંભનો જવાબ આપવાની કુદરતની પોતાની રીત છે. ત્રાસવાદી લોકો જ્યારે લાખો નિર્દોષ લોકોની હત્યા કહેવાતા ધર્મ કે બીજા કોઈ કારણ માટે કરે છે ત્યારે એ પૂછતા નથી કે અમે તમને 'માનવીય' રીતે મારીએ કે કેમ? તમને મરતી વખતે 'બિનજરૂરી પીડા' તો નથી થતી ને?***

# આવું આપણે શું કામ કરીએ છીએ?

**૧. આ કઈ જાતની લેવડ-દેવડનો વેપાર છે?**

ભારતમાંથી થતા કુલે USD ૩૦૦ Billionની નિકાસમાં માંસના નિકાસની કિંમત ૧% જેટલી છે, પરંતુ આ ૧% નિકાસ માટે આપણે આપણાં કરોડો પ્રાણીઓની કતલ કરી રહ્યા છીએ. પ્રાણીઓના દરેક અવયવ વેચીને આપણે ક્રૂડ, શસ્ત્રો, મોબાઈલ ફોન, ઈલેક્ટ્રોનિક વસ્તુઓ, ખાતર, ઈત્યાદિ આયાત કરી રહ્યા છીએ.

**૨. શું આપણે દૂધ, ચામડાં, માંસ, ઈત્યાદિ વસ્તુઓમાં વિશ્વમાં ૧,૨,૩,... ક્રમે રહેવાની જરૂર છે?**

જ્યારે કોઈ પણ ક્ષેત્રમાં આપણે ભારત દેશની સરખામણી વિશ્વના બીજા દેશો સાથે કરીએ ત્યારે વિશ્વમાં ૧,૨,૩ ક્રમે રહેવામાં આપણે ચોક્કસ ગૌરવ અનુભવી છીએ અને આપણા વિકાસ માટે આપણને માન થાય છે, પરંતુ જ્યારે વિકાસની વાતો દૂધ, ચામડાં અને માંસ માટે થાય, જેમાં બીજા જીવોનો ભોગ લેવામાં આવતો હોય ત્યારે વિકાસની વાતો ઝેર જેવી લાગે છે. જે વિકાસ આપણી મહેનત કે બુદ્ધિમત્તાના જોર પર મળે એ સાચો, પરંતુ આ વિકાસ તો નિર્દોષ પ્રાણીઓનું શોષણ અને એમની હત્યા કરીને થઈ રહ્યો છે. દૂધ અને માંસ માટે પ્રાણીઓને ઉછેરવાં અને મારવાં એ કાંઈ મહેનત, હોશિયારી કે બહાદુરીનું કામ ન કહેવાય.

**૩. ૪૦% ભારતીય શાકાહારી છે, જે દુનિયામાં સૌથી વધારે છે તો પછી માંસ ઉત્પાદન અને એની નિકાસમાં નંબર લાવીને શું કામ છે. કોના માટે?**

દુનિયાના વિકસિત દેશો દૂધ, ચામડાં અને માંસ માટે પ્રાણી ઉછેરની પ્રવૃત્તિ કરવા માગતા નથી, કારણ કે એમને એમના દેશમાં વધતાં જતાં પ્રદૂષણ અને એમના નાગરિકોનાં સ્વાસ્થ્યની ચિંતા છે.

હકીકતમાં આવી પ્રવૃત્તિ કરવા માટેની ગંદી વિચારસરણી આપણા પણ લોહીમાં નથી, પરંતુ ક્યાંક ભૂલ ભૂલમાં આપણે આપણી આગવી ઓળખ, ભવ્ય ભૂતકાળ અને સંસ્કૃતિને ભૂલી રહ્યા છીએ.

આપણે આ 'લોહી'નો ધંધો કરવાની જરૂર નથી. પૈસા કમાવવા માટે સારા અને સાચા હજારો રસ્તા છે. આપણો સ્વાર્થ, બેલગામ જીવન અને બુઠ્ઠી થઈ ગયેલી સંવેદનાના લીધે આપણે પણ માણસ મટીને મશીન બની ગયા છીએ. ઘણી વાર આપણને ખબર પણ નથી હોતી કે આપણે અમુક કાર્ય શું કામ કરી રહ્યા છીએ.


***'કોઈ પણ દેશની મહાનતા અને એની નૈતિક પ્રગતિનું મૂલ્યાંકન એ દેશ એનાં પ્રાણીઓને કેવી રીતે રાખે છે એના પરથી નક્કી થાય છે'*** **– ગાંધીજી**

# આપણને કોઈ વાર આવા વિચાર આવે ખરા?

## *રસ્તા પર ગાયો રખડતી દેખાય છે, પરંતુ ભેંસો કેમ દેખાતી નથી?*



**ગા**યો રખડતી દેખાય છે, કારણ કે એમણે એમનું ઉપયોગી આયુષ્ય જીવી લીધું છે અને હવે એ દૂધ આપતી નથી. કોઈને એમની જરૂર નથી અને એમને પ્લાસ્ટિક ને કચરો ખાવા માટે રઝળતી મૂકી દેવામાં આવે છે. ભારતમાં ઘણાં રાજ્યમાં ગાયોની કતલ પર પ્રતિબંધ છે અને એથી ગાયોને રસ્તા પર છોડી દેવાય છે, પરંતુ ભેંસો માટે આવા કોઈ કાયદાનું રક્ષણ નથી અને એથી કામ પૂરું થાય કે એ ડેરીથી સીધી કતલખાને જાય છે. આ કારણથી ભેંસો રસ્તા પર રખડતી દેખાતી નથી. જીવ તો બન્ને સરખા છે તો પછી ભેદભાવ શું કામ?



ગાયના માંસના નિકાસની બાંધી છે તો એ કાયદાને પણ અમુક લોકો તોડી રહ્યા છે. પશુપાલન વિભાગના અધિકારી કબૂલ કરે છે કે ઘણી વાર એવું બને છે કે અમુક નિકાસકારો ગાયના માંસની નિકાસ કરતી વખતે એને 'ભેંસનું માંસ' છે એમ લેબલ લગાડે છે અને એ માંસ જ્યારે બીજા દેશોમાં પહોંચે છે ત્યારે એના પર 'ગાયના માંસ'નું લેબલ લગાડવામાં આવે છે.

આપણે છાપાંમાં ઘણી વાર સમાચાર વાંચતા હોઈએ છીએ કે ટ્રકમાં ગેરકાયદેસર લઈ જવામાં આવતું ગોમાંસ પકડાયું. આવી જ રીતે પ્રાણીઓની ગેરકાયદેસર હેરફેર થતી હોય છે ત્યારે પોલીસ એને પકડે છે એવા સમાચાર પણ વારે વારે વાંચવા મળે છે...

*જો કે આપણે એ વિચાર નથી કરતા કે કસાઈઓ પાસે આ ગાયો ક્યાંથી આવી? એમણે તો આ ગાયોનો ઉછેર નથી કર્યો? હકીકતમાં તો આ એ જ ગાયો છે, જેમનું દૂધ આપણે પીધું છે અને હવે એ દૂધ આપતી નથી એથી એમને કસાઈઓને વેચી દેવામાં આવી છે.*

આપણે અમુક દિવસોમાં 'જીવ છોડામણ'નું કાર્ય કરીએ છીએ, પરંતુ આ જીવો કસાઈઓ પાસે પહોંચે છે એમાં આપણો દોષ ખરો કે નહીં? પ્રાણીઓનો ઉપયોગ કર્યા પછી જો એમનું ધ્યાન રાખવામાં આવતું હોત તો આ જીવો ક્યારેય મૃત્યુના મુખ સુધી જશે જ નહીં.

**આપણે સમસ્યાના મૂળ સુધી જવાની જરૂર છે. બીજાને દોષ આપવો સહેલો છે.**


# થોડા અટકીએ... વિચારીએ... ને પછી આગળ વધીએ!

આપણે અત્યાર સુધી દૂધના ઉત્પાદનની સાથે કઈ રીતે માંસ અને ચામડાનું ઉત્પાદન પણ વધ્યું એ જોયું અને આના લીધે પ્રાણીહત્યામાં થયેલો ભયંકર વધારો પણ જોયો.

જો કે શું આજની દૂધ ઉદ્યોગની પરિસ્થિતિ ફક્ત પ્રાણીઓ માટે જ દુ:ખદાયક છે? મનુષ્યો માટે કોઈ જ તકલીફ નથી?

કુદરતનો એક શાશ્વત નિયમ છે કે એક વસ્તુ કોઈ જીવ માટે ખરાબ હોય તો એ બીજા જીવો માટે કદી પણ સારી ન હોઈ શકે.

હકીકતમાં આપણે આજની પરિસ્થિતિને બીજી બાજુથી પણ મૂલવવાની જરૂર છે:




**૧. દૂધની ગુણવત્તા**

◆ આજના સમયમાં વધારે દૂધ મેળવવા માટે પ્રાણીઓને આપવામાં આવતી વધારે પડતી દવાઓ અને એને લીધે દૂધની ગુણવત્તામાં થયેલો નોંધપાત્ર ઘટાડો.

◆ દૂધની વધતી જતી માગ અને બેફામ ભાવવધારાના લીધે ભયજનક કક્ષાએ પહોંચેલું ભેળસેળનું પ્રમાણ.



**૨. પર્યાવરણ પર થતી ગંભીર અસર**

◆ બિનકુદરતી રીતે થતો કરોડો પ્રાણીઓનો ઉછેર અને એને લીધે પર્યાવરણ પર થતી ગંભીર અસર.

આપણે હવે પછીના પ્રકરણમાં આજનું દૂધ મનુષ્યજીવન માટે હકીકતમાં કેટલું ફાયદાકારક છે એ જોઈશું.

***'માણસ ખોટામાંથી સાચું તારવી શકે છે એ પ્રાણીઓ કરતાં એની બૌદ્ધિક શક્તિ વધારે છે એ સાબિત કરે છે, પણ એ ખોટું કાર્ય કરે છે એ હકીકત એને નૈતિકતાની દૃષ્ટિએ પ્રાણીઓ કરતાં નીચલી કક્ષાએ પહોંચાડી દે છે.'***

**- Mark Twain (અમેરિકાના બહુ જાણીતા લેખક)**

## ૩: આજનું દૂધ: *મનુષ્યો માટે કેટલું લાભદાયી?*

### ૩.અ. દૂધ અને માંસ- પર્યાવિરણ પર ખરાબ અસર અને અનાજની તંગી માટે જવાબદાર

ભારત વિશ્વની ૩% જમીન ધરાવે છે, જ્યારે વિશ્વનું ૧૭% પશુધન ભારતમાં છે. આનાથી આપણી કુદરતી સંપત્તિ પર ખૂબ જ બોજ વધી જાય છે.

૧. યુનાઈટેડ નૅશનના જણાવ્યા મુજબ સમગ્ર વિશ્વની જમીનના કુલ ૩૦% જમીન પ્રાણીઓના ઉછેર માટે વપરાઈ રહી છે. બહુ બધાં સંશોધનમાં સાબિત થયેલું છે કે એક કિલો માંસ અથવા તો એક લિટર દૂધ મેળવવા માટે ૧૬ કિલો અનાજ પ્રાણીઓના ખોરાક માટે વપરાય છે. અનાજની વધતી જતી તંગીના લીધે દૂધ અને માંસની વધતી જતી માગને પહોંચી વળાય એમ નથી. અકુદરતી રીતે મોટી સંખ્યામાં પ્રાણીઓના ઉછેરને લીધે અનાજના ઉત્પાદન પર અસર પડે છે, કારણ કે માણસોની ખાવાની વસ્તુઓનું સ્થાન પ્રાણીઓનો ખોરાક લઈ રહ્યું છે અને એના લીધે અનાજની તંગી અને ભૂખમરો વધી રહ્યો છે. એક અંદાજ મુજબ ગયા વર્ષમાં ભારતના પાંચમા ભાગના લોકો એની જરૂરિયાત કરતાં ઓછો ખોરાક ખાતા હતા.


૨. દુનિયામાં ૫૦% પીવાનું પાણી માંસ બનાવવાની પ્રક્રિયામાં વપરાય છે.

૩. પ્રાણીઓની પાચનતંત્રની રચના એવી છે કે એના લીધે 'મિથેન (Methane CH- Greenhouse Gas)' નામનો ગૅસ મોટા પ્રમાણમાં ઉત્પન્ન થાય છે. આ મિથેન નામના ગ્રીનહાઉસ ગૅસના લીધે વધતી જતી ગરમી, સમુદ્રમાં પાણીના સ્તરમાં ફેરફાર, અતિ ઠંડું કે અતિ ગરમ વાતાવરણ, કુદરતી આપત્તિ, ઈત્યાદિની ભયાનક અસર જોવા મળે છે. પ્રાણીઓની બિનકુદરતી રીતે વધતી જતી સંખ્યાએ દુનિયાભરમાં એક વિકરાળ સમસ્યા બની રહી છે. FAO (Food and Agricultural Organisation of United Nations)ના અંદાજ મુજબ વિશ્વમાં આશરે ૧૮% ગ્રીનહાઉસ ગૅસ પ્રાણીઓના લીધે પેદા થાય છે.

*આ સનાતન સત્ય છે કે કુદરતની રચના સાથે રમત ન કરો. આખી સમસ્યાનું મૂળ આ જ છે. અતિશય વધતી જતી દૂધની માગને સંતોષવા માટે પ્રાણીઓની સંખ્યામાં બિનકુદરતી રીતે ભયજનક વધારો કરવો એ કુદરતના નિયમની વિરુદ્ધ છે. પ્રાણીઓનો કુદરતી રીતે વિકાસ થશે તો કુદરત એની વ્યવસ્થા કરશે, પરંતુ પ્રાણીઓનો બિનકુદરતી વિકાસ તો લોહીની નદીઓ વહેવરાવે છે. આપણી જરૂરિયાત એટલી જ હોવી જોઈએ કે જેથી કરીને પ્રાણીઓની જિંદગી સાથે ચેડા કરવાની જરૂર જ ન રહે.*

૪. સ્કેન્ડિનેવિયન (Scandinavian) દેશોના એક નિષ્ણાતના જણાવ્યા મુજબ થોડા સમયમાં દુનિયાના મોટા ભાગના લોકો શાકાહારી અથવા તો બન્ને જાતનો ખોરાક લેતા હશે. ક્લાઈમેટ ચેન્જ (Climate Change)માં આપેલા એક અહેવાલ મુજબ વધતા જતા તાપમાનને કાબૂમાં લેવા માટે ફક્ત વાહનોના ઓછા વપરાશ કે બીજાં ઈંધણોનો ઓછો ઉપયોગ કરવો એ પૂરતું નહીં હોય, પરંતુ લોકોએ દૂધ અને માંસનો ખૂબ જ ઓછો ઉપયોગ કરવો પડશે. આ ફરજિયાત કરવું પડશે.

*પર્યાવરણ અને નાગરિકોનાં સ્વાસ્થ્યના જોખમની સામે દૂધ અને માંસનું ઉત્પાદન કેટલું જરૂરી છે એ વિચારવું જોઈએ. શું આપણે આપણાં સ્વાસ્થ્ય, પર્યાવરણનું નુકસાન અને પ્રાણીહિંસાના પાપની આર્થિક કિંમત લગાવી શકીશું ખરા?*




***‘આ દુનિયામાં જ્યાં સુધી કતલખાનાં છે ત્યાં સુધી લડાઈનાં મેદાન પણ રહેશે.’***
**- Leo Tolstoy (રશિયાના મહાન લેખક અને ફિલસૂફ)**

દાયકાઓ પહેલાં લખાયેલા આ શબ્દો આજે સાવ સાચા સાબિત થઈ રહ્યા છે. ભારતમાંથી થતી માંસ અને ચામડાંની નિકાસ USD 8 બિલિયન ડૉલર્સ છે અને ભારતમાં થતાં શસ્ત્રોની આયાત (Import) પણ લગભગ USD 8 બિલિયન ડૉલર્સ છે.

### આપણે શું કરીએ છીએ?


માંસ/ચામડાંમાં વિશ્વમાં નંબર ૧ નિકાસકાર છીએ... તો
શસ્ત્રોમાં વિશ્વમાં નંબર ૧ આયાતકાર છીએ.

# ૩.બ. આજનું દૂધઃ એ કેટલું પૌષ્ટિક છે?

૧. દૂધ એ સંપૂર્ણ આહાર છે. આપણા માટે નહીં, પણ પ્રાણીઓનાં વાછરડાં માટે.

૨. ઘણાં બધાં સંશોધનમાં સાબિત થયું છે કે માણસજાતને પ્રાણીઓના દૂધની જરૂર નથી. માણસ જ એક એવું પ્રાણી છે કે જે બીજાં પ્રાણીઓનું દૂધ પીવે છે.

૩. ઉંમર વધવાની સાથે પ્રાણીઓ દૂધ પીવાનું છોડી દે છે, જ્યારે મનુષ્ય જ એક એવું પ્રાણી છે કે જે ઉંમર વધવાની સાથે દૂધ પીવાનું ચાલુ રાખે છે.




૪. દૂધમાં લોહતત્ત્વ–આયર્ન (Iron) ખૂબ જ ઓછું છે અને હકીકતમાં તો દૂધ લોહતત્ત્વના પાચનને રોકે છે. આયર્ન મેળવવા માટેનો ઉત્તમ રસ્તો શાકભાજી છે. ૫૦ ગેલન દૂધની સામે સ્પીનાચની એક ડિશમાં આયર્ન વધારે છે.

૫. દૂધમાં વધારે ચરબી અને કૉલેસ્ટરોલ છે. ફાઈબર (Fibre) બિલકુલ નથી.

૬. દૂધના વપરાશથી હૃદય, કૅન્સર અને મધુપ્રમેહ (Diabetes) જેવા રોગ થાય છે. કૉલેસ્ટરોલ અને ફૅટ (Saturated fat)ના લીધે લોહીમાં કૉલેસ્ટરોલનું પ્રમાણ વધે છે અને હૃદયની નળીઓ બંધ થવાનું જોખમ વધી જાય છે.

૭. ૩૩% ભારતીય (૭૦% દક્ષિણ ભારતીય) લેક્ટોઝની ઊણપ ધરાવે છે. દૂધમાં આવતી ખાંડને અલગ કરવાની એમના શરીરની ક્ષમતા નથી અને એથી એ લોકો ઘણી બધી બીમારીથી પીડાય છે.

૮. મુંબઈમાં યોજાયેલી એક પત્રકાર પરિષદમાં ડૉ. શોભા રાઉલ (બાળક વિકાસ સમિતિનાં ચૅરમૅન)ના જણાવ્યા મુજબઃ 'મુંબઈમાં મોટા ભાગનાં પ્રાણીઓને TB થયેલો હોય છે, જેમનું અશુદ્ધ દૂધ લાખો મુંબઈવાસી પીવે છે. એને કારણે આ આશ્ચર્યજનક નથી લાગતું કે મુંબઈમાં દર વર્ષે ૨૦,૦૦૦ લોકોને TB થાય છે.'

***એક આઘાતજનક બાબત એ પણ છે કે કોઈ કોઈ ડેરી તો પ્રાણીઓના ખોરાકમાં કતલખાનામાંથી નીકળતો કચરો (જે પ્રાણીઓનાં હાડકાં અને બીજા અવયવ હોય છે) વાપરે છે. આપણે વિચારવું રહ્યું કે આવા ખોરાક જે પ્રાણીઓને આપવામાં આવે છે એમનું દૂધ કેવું હોઈ શકે.***

## ૯. ઍન્ટિ-બાયોટિક દવાઓનો ભયજનક ઉપયોગ-




જૂન, ૨૦૧૪નો રિપોર્ટ: ઍન્ટિ-બાયોટિક દવાઓના કુલ ઉત્પાદનના ૮૦% દવા પ્રાણીઓને આપવામાં આવે છે. પ્રાણીઓને કતલ કર્યા પહેલાં એમના પર જે ક્રૂરતા આચરવામાં આવે છે તે એ સહન કરી શકે એ માટે અને એમનો ઝડપી શારીરિક વિકાસ કરવા માટે પ્રાણીઓને ઍન્ટિ-બાયોટિક દવાઓ આપવામાં આવે છે. પ્રાણીજન્ય ખાવાની વસ્તુઓ મારફત માણસોનું શરીર ઍન્ટિ-બાયોટિક પ્રતિકારક (Antibiotic Resistance) થઈ જાય છે એથી ડ્રગ કન્ટ્રોલર જનરલ ઑફ ઈન્ડિયા અને કૃષિ મંત્રાલયે દરેક રાજ્ય સરકારોને સૂચન કર્યું છે કે પ્રાણીઓના ખોરાકમાં ઍન્ટિ-બાયોટિક અને બીજા હોર્મોનનો વપરાશ બંધ કરવો. પ્રાણીઓને વારંવાર આપવામાં આવતા ઍન્ટિ-બાયોટિકના લીધે પ્રાણીઓનાં દૂધ, માંસ અને ઈંડાંમાં એ જમા થાય છે અને એની માણસજાતના સ્વાસ્થ્ય પર ગંભીર અસર પડે છે.

વર્લ્ડ હેલ્થ ઑર્ગેનાઈઝેશન (WHO)એ ચેતવણી આપી છે કે 'ઍન્ટિ-બાયોટિક પ્રતિકારક' એ દુનિયાના દરેક ભાગમાં ખૂબ જ ભયજનક બાબત છે. ભારત સરકારનું આ રાજ્ય સરકારોને સૂચન WHOની ચેતવણી પછી બહાર પાડવામાં આવેલું છે.

*(**નોંધ-** ભારત સરકારના આ સૂચનનો કેટલો અને કેવો અમલ થશે અને હકીકતમાં થશે કે નહીં એ બહુ મોટો સવાલ છે. દૂધનું ઉત્પાદન વધારવા કરવામાં આવતો ઍન્ટિ-બાયોટિક દવાઓનો બેફામ ઉપયોગ તો જ ઓછો થાય, જો દૂધની માગ ઓછી થાય. જે આપણાં સ્વાસ્થ્ય માટે જ સારું થશે.)*

૧૦. 'મિડ-ડે' અખબારના પત્રકારોએ બે મહિનાની સઘન તપાસ પછી એક રિપોર્ટ તૈયાર કર્યો હતો. તબેલાઓમાં પ્રાણીઓને ઑક્સિટોસિન (Oxitocin)નાં ઈન્જેક્શનો આપવાથી પ્રાણીઓ પર અને માનવીઓનાં સ્વાસ્થ્ય પર કેટલી ખરાબ અસર થાય છે.
http://archive.mid-day.com/news/2013/jun/110613-banned-drug-injected-into-cattle-is-poisoning-your-milk.htm

૧૧. 'ક્લીવલૅન્ડ ક્લિનિક' (અમેરિકાનું હૃદયરોગ માટેનું સૌથી પ્રખ્યાત દવાખાનું)ના ડૉક્ટર લોકોને વેગન (માંસ અને દૂધ વગર) ખોરાક પર રાખીને હૃદયરોગથી મુક્ત કરે છે. અમેરિકાના સાન્ફ્રાન્સિસ્કોની એક યુનિવર્સિટીના ડૉક્ટરે સાબિત કરી બતાવ્યું છે કે ઓછા ફૅટવાળા વેગન ખોરાકથી હૃદયરોગમાંથી પાછા વળી શકાય છે.

**દૂધના દરેક ગ્લાસમાં પરુ (Pus), ઍન્ટિ-બાયોટિક, જંતુનાશક દવાઓ અને બીજી દવાઓ હોવાની શક્યતા ઘણી છે.**

૧૨. પશ્ચિમના દેશોમાં સ્ત્રીઓમાં છાતીનાં કેન્સરને કારણે થતાં મૃત્યુનું પ્રમાણ ઘણું છે અને એમાં પણ ૫૦ વર્ષથી નીચેની ઉંમરની સ્ત્રીઓમાં એ ખાસ બને છે. ઈટાલીમાં થયેલા સંશોધન પ્રમાણે જે બ્રિટિશ જનરલ ઑફ કેન્સરમાં છાપવામાં આવેલું એમાં જણાવ્યું હતું કે પ્રાણીઓના ફૅટ અને પ્રોટીન ધરાવતી ડેરી પ્રોડક્ટ્સના લીધે છાતીના કેન્સરનું પ્રમાણ ખૂબ જ વધી જાય છે.

૧૩. લોકોને સામાન્ય રીતે એક ડર હોય છે કે આપણે દૂધ ન લઈએ તો પૂરતા પ્રમાણમાં કેલ્શિયમ અને પ્રોટીન આપણને નહીં મળે, પરંતુ દૂધ કરતાં પણ વધારે કેલ્શિયમ અને પ્રોટીન કયા ખોરાકમાંથી મળે છે એ આપણે નીચે આપેલી વિગત પરથી જાણીશું...

| | કેલ્શિયમનું પ્રમાણ (૧૦૦ ગ્રામમાં) | પ્રોટીનનું પ્રમાણ (૧૦૦ ગ્રામમાં) |
|---|---|---|
| ગાયનું દૂધ | ૧૮૪ મિલીગ્રામ | ૬ ગ્રામ |
| તલ (Sesame Seeds) | ૧૪૭૦ મિલીગ્રામ | ૧૮ ગ્રામ |
| કરી પત્તાં (Curry Leaves) | ૮૩૦ મિલીગ્રામ | ૧૩ ગ્રામ |
| બદામ (Almonds) | ૨૦૨ મિલીગ્રામ | ૨૧ ગ્રામ |
| સોયાબીન (Soy Beans) | ૩૫૦ મિલીગ્રામ | ૧૭ ગ્રામ |
| ડ્રાયફ્રૂટ (Nuts And Seeds) | ૨૬૪ મિલીગ્રામ | ૩૩ ગ્રામ |
| તોફુ (Tofu) | ૩૫૦ મિલીગ્રામ | ૭ ગ્રામ |

**પ્રોટીન વિશેની ગેરસમજણ-** માણસજાત રોજિંદા ખોરાકમાંથી જે કેલરી લે છે એના ૪% કે ૫% પ્રોટીનની જરૂરિયાત છે અને એ કોઈ પણ ખોરાકમાંથી પૂરતા પ્રમાણમાં મળી રહે છે. હકીકતમાં વધારે પ્રોટીનની જરૂર નથી, કારણ કે જરૂર કરતાં વધારે પ્રોટીન સ્વાસ્થ્ય માટે ખરાબ છે. કુદરતે કરેલી રચના મુજબ આપણે ખાલી દાલ-ચાવલ પણ ખાઈએ તો પણ પૂરતું પ્રોટીન મળી રહે છે.


''ડેરી વસ્તુની અવેજીમાં સોયાબીન એ પ્રોટીન મેળવવાનો સૌથી સહેલો રસ્તો છે.''

*-Ishi Khosla, Director and Nutritionist -Whole Foods.*

***સમસ્યા આપણે ઊભી કરી છે અને એનો ઉપાય પણ આપણા જ હાથમાં છે.***


## ૩.ક. દૂધમાં મિલાવટ-સ્વાસ્થ્ય માટે ગંભીર બાબત

દૂધની ઝડપથી વધતી જતી માગ અને દૂધમાં સતત ભાવવધારાને કારણે દૂધમાં મિલાવટ વધી રહી છે. આપણને જાણીને આઘાત લાગશે કે આપણાં સ્વાસ્થ્ય માટે ખૂબ જ હાનિકારક હોય એવી વસ્તુઓ દૂધમાં મેળવવામાં આવી રહી છે.




ભારતના એક નાગરિકે સુપ્રીમ કોર્ટમાં દાખલ કરેલી 'જાહેર હિતના કાયદા' (Public Interest Litigation -PIL) હેઠળ કરેલી અરજીના સંદર્ભમાં ભારત સરકારે એના સોગંદનામામાં (Affidavit) કબૂલ કર્યું કે ભારતમાં વેચાતું ૬૮% દૂધ ભારત ફૂડ સેફ્ટી ઍન્ડ સ્ટાન્ડર્ડ્સ ઑથોરિટી ( Food Safety And Standards Authority of India)નાં ધારાધોરણ પ્રમાણે નથી. (http://timesofindia.indiatimes.com/india/68-of-milk-in-country-adulterated-Govt/articleshow/16900547.cms)

ભારત સરકારના દર વર્ષે જાહેર કરવામાં આવતા ભેળસેળવાળા દૂધ માટેના આંકડાઓ મુજબ ૭૫% દૂધ એ દૂધ નહીં, પણ યુરિયા, પાણી, કોસ્ટિક સોડા, રંગ, સાકર, ડિટર્જન્ટ, સ્ટાર્ચ, ગ્લુકોઝ, મીઠું, દૂધનો પાવડર (Skimmed Milk Powder) અને વેજિટેબલ ફૅટ, ઈત્યાદિ છે. આ બધી મિલાવટની વસ્તુઓને કારણે કૅન્સર જેવા ભયાનક રોગો થવાની શક્યતા ઘણી વધી જાય છે. (આ માટે આપ NDTV સમાચારની આ વિડિયો જોઈ શકો છો http://www.youtube.com/watch?v=lc-zMXlMhFc )


THE TIMES OF INDIA, MUMBAI WEDNESDAY, JANUARY 11, 2012 TIMES CITY

Substances Like Urea, If Ingested For a Prolonged Period Even In Small Doses, Can Damage Vital Organs

45% of Mumbai's milk likely to be adulterated: Labs

Milk- The Silent Killer: *દૂધથી આરોગ્યને ફાયદો થાય છે અને એ મનુષ્યો માટે જરૂરી છે એવી દૂધ વિશેની બધી માન્યતાને સદંતર ખોટી પાડે એવું એક પુસ્તક-* Milk-The Silent Killer *(લેખક-ડૉક્ટર એન. કે. શર્મા, પ્રકાશક-લાઈફ પોઝિટિવ) દરેકે ખાસ વાંચવું જોઈએ. ડૉક્ટર એન. કે. શર્મા વિશ્વવિખ્યાત 'રેકી' ગ્રાન્ડ માસ્ટર છે. એ કુદરતી જીવનપદ્ધતિનો પ્રચાર કરે છે.*

# ૭ઃ આપણે શાકાહારી (?) માણસો...
# અહિંસાના સાચા માર્ગે ચાલીએ

આપણે અહિંસાના સિદ્ધાંતનું પાલન કરવા માટે શાકાહારી જીવનશૈલી અપનાવી, પરંતુ આજના બદલાતા સમયમાં શાકાહારી ખોરાકપદ્ધતિમાં દૂધ અને દૂધની બનાવટની વસ્તુઓનો ઉપયોગ કરી શકાય કે નહીં એ વિચારવાનો સમય પાકી ગયો છે. 'શાકાહારી' શબ્દના અર્થને ફરીથી તપાસવાની જરૂર છે અને સમયાનુસાર એમાં આવશ્યક ફેરફાર કરવાની જરૂર છે.

૪૦-૫૦ વર્ષ પહેલાં દૂધના વપરાશમાં કદાચ કંઈ ખરાબ નહોતું. ત્યારે પ્રાણીઓ પ્રત્યે કોઈ ક્રૂરતા નહોતી. શહેરીકરણ મર્યાદિત હતું. ગામડાંમાં દરેકનાં ઘરમાં ગાય-ભેંસ હતાં. એમને કુટુંબનાં સભ્યની જેમ સાચવતા હતા. આજે આપણે ખાતરીથી કહી નથી શકતા કે જે પ્રાણીઓનું દૂધ આપણે વાપરીએ છીએ એના પર કોઈ અત્યાચાર નથી કરવામાં આવતો કે પછી એમની એમના જીવનપર્યંત સારસંભાળ થાય છે.

આજે પણ આપણે પ્રાણીઓની સુરક્ષા તથા એમની બરાબર દેખભાળ રાખી શકતા હોઈએ તો દૂધ વાપરવા માટે કોઈ વાંધો નથી. પ્રાણીઓનું આરોગ્ય ને આયુષ્ય વધશે અને આપણું પણ સ્વાસ્થ્ય બરાબર રહેશે. પહેલાં આમ જ થતું હતું.

જો કે આજના સમયમાં દૂધની પ્રવૃત્તિના અતિ વેપારીકરણ, શહેરીકરણ અને વિકસતા જતા ડેરી ઉદ્યોગના લીધે ભયંકર હત્યાકાંડ થઈ રહ્યો છે. જાણતાં-અજાણતાં, સીધી કે આડકતરી રીતે આપણે પણ કરોડો પ્રાણીઓની હત્યામાં જવાબદાર બન્યા છીએ. આજનું દૂધ આપણા સ્વાસ્થ્ય માટે કેટલું હાનિકારક છે એ પણ આપણે જોયું.

સમય અને સંજોગો બદલાયા છે. માણસજાતની લાલચ, ભૂખ અને વધતી જતી જરૂરિયાતે એક મોટો પ્રશ્ન ઊભો કર્યો છે. આપણને હવે દૂધ અને માંસ વચ્ચેની કડી નજર સામે સ્પષ્ટ દેખાઈ રહી છે.




***આપણને નથી લાગતું કે કોઈકે સાચું જ કહ્યું છે 'દૂધ' શું પ્રવાહિત માંસ નથી??***

**પ્રાણીજન્ય વસ્તુઓની શ્રૃંખલાઃ** દૂધ, માંસ અને ચામડું-આપણે એક નજર નીચે આપેલા કોષ્ટક પર નાખીશું તો ખયાલ આવશે કે પ્રાણીજન્ય વસ્તુઓનો ઉપયોગ દરેક લોકો-શાકાહારી કે બિનશાકાહારી લોકો કરી રહ્યા છે.

| પ્રાણીજન્ય વસ્તુઓ | વપરાશકર્તા |
|---|---|
| **૧.** દૂધ અને દૂધબનાવટની વસ્તુઓ જેવી કે ઘી, બટર, ચીઝ, પનીર, આઈસક્રીમ, ઈત્યાદિ | શાકાહારી અને બિનશાકાહારી |
| **૨.** માંસ | બિનશાકાહારી |
| **૩.** ચામડું | શાકાહારી અને બિનશાકાહારી |
| **૪.** બીજી પ્રાણીજન્ય વસ્તુઓ, જેવી કે ચરબી, હાડકાં, લોહી, વાળ, ઈત્યાદિ, જેનો ઉપયોગ સાબુ, કૉસ્મેટિક્સ, ટૂથપેસ્ટ, દવાઓ, બ્રેડ, બ્રશ, ઈત્યાદિ વસ્તુઓ બનાવવામાં થાય છે. | શાકાહારી અને બિનશાકાહારી |

છેલ્લાં ૫૦ વર્ષમાં માંસની ખૂબ જ ઊંચી દીવાલ ઊભી થઈ છે અને એના પાયામાં દૂધ અને ચામડું ભરેલું છે. આપણે પાયામાંથી દૂધ અને ચામડાંને હટાવીશું તો જ આ માંસની દીવાલને તોડી શકીશું. કતલખાનાના આર્થિક ગણિતનો દાખલો તો જ બરાબર બેસે, જો પ્રાણીઓનો 'જીવતાં અને મર્યા પછી' એમ બન્ને રીતે ઉપયોગ હોય.

**દૂધથી માંસ-કઈ રીતે આ સાંકળને તોડી શકાય?**

માગ, પુરવઠો અને કિંમત (Demand- Supply And Price)ના અર્થશાસ્ત્ર (Economics)ના સાદા નિયમથી આપણે દૂધ અને બીજી ડેરી પ્રોડક્ટ્સની માગ ઘટાડીએ તો શું થાય?

◆ દૂધનું અતિ વેપારીકરણ થયું છે એ ઓછું થવાની શરૂઆત થાય. દૂધની ઓછી માગના લીધે દૂધના ભાવમાં ઘટાડો થાય. ઓછી માગ અને ઓછા ભાવને લીધે વિદેશી મોટી ડેરી કંપનીઓને ધંધો કરવાનું ઓછું પ્રોત્સાહન મળે.

◆ આના લીધે બિનકુદરતી રીતે થતો પ્રાણીઓનો ઉછેર ઓછો થાય. કતલખાનાને મળતાં પ્રાણીઓની સંખ્યામાં ઘટાડો થાય. માંસનું ઉત્પાદન ઘટે. માંસની કિમતમાં વધારો થાય. માંસની માગ ઘટે, માંસનો વપરાશ ઓછો થાય.

◆ અને અંતે... દૂધ અને માંસનું વિષચક્ર તૂટવાની શરૂઆત થાય.

***દૂધ અને માંસ એક સિક્કાની બે બાજુ જેવાં થઈ ગયાં છે. આપણે સિક્કાની એક બાજુના આર્થિક મૂલ્યને નાબૂદ કરી શકીએ તો સિક્કો ખોટો થઈ જાય અને આપણે આ દૂધ અને માંસની ભાગીદારીના વેપારમાંથી બહાર નીકળી જઈએ.***

## એક મિનિટ માટે આ પણ વિચારીએ...

ધારો કે દુનિયામાં બહુ મોટી સંખ્યામાં લોકો શાકાહારી થઈ જાય અને માંસની માગ ખૂબ જ ઘટી જાય, પરંતુ આપણી દૂધની માગ આજની જેમ ખૂબ જ વધારે રહે તો શું થાય? આનું શું પરિણામ આવે?

ડેરી ઉદ્યોગને તો આજની જેમ દૂધની માગને સંતોષવા માટે મોટી સંખ્યામાં પ્રાણીઓની જરૂર પડવાની છે અને એ તો એની રીત મુજબ કરોડોની સંખ્યામાં બિનકુદરતી રીતે પ્રાણીઓનો ઉછેર કરશે અને બહુ ક્રૂર પદ્ધતિઓથી વધારેમાં વધારે દૂધ મેળવીને જલદીથી પ્રાણીઓનું ઉપયોગી આયુષ્ય ઓછું કર્યા કરશે, પરંતુ ડેરી ઉદ્યોગમાં જેની જરૂરિયાત પૂરી થઈ ગઈ હોય એવાં આટલાં બધાં પ્રાણીઓની સંભાળ કોણ લેશે? આજની પાંજરાપોળ પાસે આટલી જગ્યા નથી. ઘણી બધી નવી પાંજરાપોળો બાંધવાથી પણ કરોડો પ્રાણીઓનો સમાવેશ શક્ય નથી.

આવા સંજોગો ઊભા થાય તો શું કરવું એનો જવાબ શોધવો મુશ્કેલ છે. બીજું, પ્રાણીઓનાં ચામડાંની આપણી વધતી જતી માગને કઈ રીતે પૂરી કરશું?

આના પરથી એક વાત તો આપણી નજર સામે સ્પષ્ટ દેખાય છે કે પ્રાણીહત્યાની વધતી જતી સમસ્યાના મૂળમાં ફક્ત માંસ ઉદ્યોગ જ જવાબદાર નથી.

*આપણે શાકાહારી દરેક લોકોએ આપણી જાતને એક સવાલ એ પૂછવાનો છે કે પ્રાણીઓની કતલેઆમની આખી પ્રક્રિયામાં આપણો દોષ કેટલો?*
*અને જો આપણને આપણો દોષ જણાતો હોય તો*
*પછી બીજો સવાલ એ પૂછવાનો કે :*
*- હવે કરીશું શું?*
*- શું કરવું જોઈએ?*

*મોડું તો થઈ ગયું છે, પરંતુ બહુ મોડું થાય એ પહેલાં જાગવાની જરૂર છે. હવે આપણે પણ શ્વેત ક્રાંતિ કરવી જોઈએ, પરંતુ આપણી ક્રાંતિ સફેદ શબ્દના શાંતિના અર્થને સાર્થક કરે એવી ક્રાંતિ હોવી જોઈએ. દરેક જીવોની શાંતિ માટેની હશે. એક ચોક્કસ વર્ગના લાભ માટે કરવામાં આવેલી ક્રાંતિ બીજા જીવો માટે નરકનું દુઃખ લઈને આવે એવી ક્રાંતિનું કોઈ મૂલ્ય નથી. કોઈ પણ ક્રાંતિ દરેક જીવોના લાભ માટે હોય તો જ સાચી ક્રાંતિ કહેવાય.*

Peace Revolution

**ઘણા રસ્તા છે. ચાલો, અહિંસાના સાચા માર્ગે ચાલવાની શરૂઆત કરીએ.**

## ૧. વેગાનિઝમ (Veganism): *પહેલો અને ઉત્તમ ઉપાય*

**દૂધ અને દૂધની બનાવટોનો સંપૂર્ણ ત્યાગ** આજે દુનિયામાં વેગાનિઝમનો વાયરો ફૂંકાવા લાગ્યો છે અને એને શાકાહારી (Vegetarianism) પદ્ધતિના ચુસ્ત પાલન માટે અનિવાર્ય ગણવામાં આવી રહ્યું છે. વેગન લોકો કોઈ પણ જાતની પ્રાણીજન્ય વસ્તુઓનો વપરાશ કરતા નથી અને એથી દૂધ કે દૂધની બનાવટની કોઈ પણ વસ્તુઓનો ઉપયોગ કરતા નથી.

ઘણા વેગન લોકો મધ પણ વાપરતા નથી, કારણ કે એ મધમાખીમાંથી મેળવવામાં આવે છે. વેગન લોકો સિલ્ક કે ઊન (Wool)નો પણ ઉપયોગ કરતા નથી, કારણ કે એમનું એક જ ધ્યેય છે કે પ્રાણીઓને કોઈ પણ જાતની ઈજા ન પહોંચે અને એમના પ્રત્યેની અનુકંપા થોડી પણ ઓછી ન થાય. વેગન લોકો પ્રાણીઓનાં દૂધને બદલે સોયા, નાળિયેર, ચોખા કે બદામનું દૂધ વાપરે છે. આજે દુનિયાના દરેક દેશમાં વેગન લોકોની સંખ્યા વધવા લાગી છે અને વેગન ખોરાક પદ્ધતિનો વધારે ને વધારે પ્રચાર થઈ રહ્યો છે.






*જોન રોબીન્સ 'બાસ્કિન રોબીન્સ' નામની આઈસક્રીમ કંપનીના વારસદાર હતા, પરંતુ એણે એ નકારીને પોતાના સિદ્ધાંત પ્રમાણે જીવવાનું નક્કી કર્યું. કહેવાય છે કે અમેરિકામાં માંસાહારનું પ્રમાણ ઓછું થવા માટે એમના ખોરાક અને સ્વાસ્થ્ય વિશેનાં પુસ્તકોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. એમની ખૂબ જ વિશ્વવિખ્યાત બુક* The Food Revolution*માં આ શબ્દો આપવામાં આવ્યા છે.*

*''વનસ્પતિજન્ય ખોરાકથી ઘણા બધા ફાયદા થાય છે અને એ તંદુરસ્ત જિંદગી તરફ લઈ જાય છે એનાથી હૃદયરોગ ને કૅન્સરના રોગ ઓછા થશે અને મેદસ્વીપણામાં ઘટાડો થશે. એનાથી વધારે લોકો શક્તિશાળી, તરવરિયા અને રચનાત્મક કાર્યો કરવાવાળા થશે. એનાથી જલદી ઘરડા થવાનો ડર ઓછો થશે અને નજીકના કુટુંબીજનોના અકાળ મરણથી તૂટતાં કુટુંબોની સંખ્યામાં ઘટાડો થશે. ખૂબ જ ઓછાં દુ:ખ અને દરેકને વધારેમાં વધારે આનંદ મળશે.''*

**સમગ્ર વિશ્વમાં વેગનિઝમની કેવી અસર થઈ રહી છે એ જાણીએ...**

૧. ખૂબ જ જાણીતા લોકો જેવા કે અમેરિકાના ભૂતપૂર્વ પ્રમુખ બિલ ક્લિન્ટનના વેગન ખોરાકને અપનાવવાથી અને અમેરિકન અભિનેતા અને ગાયક જસ્ટિન તિમ્બેરલેક (Justin Timberlake)ના "Bring it on Down to Veganville" ગીતથી એવું લાગે છે કે વેગનિઝમનો વિચાર હવે ઘણા બધા લોકોનું ધ્યાન ખેંચી રહ્યો છે.

૨. તાઈવાનમાં તો ફક્ત 'વેગન' વસ્તુઓ માટેનું સુપર માર્કેટ ખૂલ્યું છે.



૩. ઈઝરાયલમાં 'પ્રાઈમ ટાઈમ TV' પર વેગન ક્રાંતિ થઈ રહી છે- Mr. Gary Yourofsky's નામના પ્રાણીમિત્રની વેગન ખોરાક માટેની જોરદાર સ્પીચને ઈઝરાયલ TV પર ખૂબ જોરદાર પ્રતિસાદ મળી રહ્યો છે. દેશમાં આ સ્પીચ સાંભળ્યા પછી હજારો લોકો વેગન બની રહ્યા છે. (http://www.youtube.com/watch?v=jQ7lYAIeo5c).

૪. 'ડોમિનો'ના વેગન પિઝા-દુનિયામાં ઈઝરાયલ સૌથી પહેલો દેશ છે, જ્યાં 'ડોમિનો'એ વેગન પિઝા વેચવાના ચાલુ કર્યા છે.

(http://www.washingtontimes.com/news/2013/dec/16/dominos-launches-its-first-vegan-pizza/).

૫. સ્વીડન દેશમાં વધારે ને વધારે લોકો વેજિટેરિયન અને વેગન બની રહ્યા છે. (http://www.thelocal.se/20140321/one-in-ten-swedes-is-vegetarian-survey)

૬. 'ટાઈટેનિક' અને 'અવતાર' જેવી વિશ્વવિખ્યાત હોલીવૂડ ફિલ્મોના ડાયરેક્ટર જેમ્સ કેમેરોન વેગન છે. એમના સહકારથી અમેરિકામાં એક સ્કૂલ ચાલે છે અને સ્કૂલમાં વિદ્યાર્થીઓને વેગન જમવાનું આપવામાં આવે છે.

***જ્યાં માંસ ખાવું એ ખૂબ જ સહજ અને રોજિંદુ હોય એવા ઈઝરાયલ અને તાઈવાન જેવા દેશમાં આ થઈ શકતું હોય તો આપણે તો શાકાહારી ભારતવાસીઓ કઈ રીતે પાછળ રહી શકીએ?***

૭. ૨૦૧૨ના વર્ષમાં અમેરિકામાં વેજિટેરિયન રિસોર્સ ગ્રુપથી પ્રેરિત અને ‘હેરીસ ઈન્ટરઍક્ટિવ’ના એક સર્વેક્ષણ મુજબ અમેરિકાના ૨.૫% લોકો એમને વેગન તરીકે ઓળખાવે છે, જે ૨૦૦૯માં ૧% લોકો હતા. આ બહુ મોટો આંકડો ન લાગે, પરંતુ વેગનનો વધતો જતો પ્રભાવ જરૂર બતાવે છે.

૮. દુનિયામાં ઘણા બધા રમતવીરો, ગાયક અને અભિનેતાઓ અને બીજાં ક્ષેત્રની જાણીતી હસ્તીઓ વેગન છે. વેગન લોકોનું લિસ્ટ જોવા માટે ક્લિક કરોઃ

(http://en.wikipedia.org/wiki/Listofvegans)

૯. ‘ગૂગલ ટ્રેન્ડ’ (ગૂગલ વેબસાઈટ)માં વધારે શું શોધાઈ રહ્યું છે? દુનિયામાં લોકોનો વેગન જીવનશૈલી પ્રત્યેનો લગાવ પહેલાં કરતાં ઘણો વધી રહ્યો છે.

( http://www.google.com/trends/explore?hl=en-USq=vegan)

આજે ભારતમાં ઘણાં શહેરમાં વેગન ક્લબ અથવા તો વેગન લોકોનું ગ્રુપ છે અને એ વેગન ખોરાક પદ્ધતિનો પ્રચાર કરે છે. ૧૩-૪-૨૦૧૪ના ‘ટાઈમ્સ ઑફ ઈન્ડિયા’ના સમાચાર મુજબ ભારતમાં પણ એવા લોકો છે, જેમણે એમનાં લગ્નમાં ફક્ત વેગન ખોરાકનો જ ઉપયોગ કર્યો હતો. એમનો ઉમદા હેતુ એ હતો કે લગ્નપ્રસંગની ઉજવણીમાં કોઈ પણ જીવને કોઈ પણ જાતની હાનિ ન પહોંચવી જોઈએ. ભારતમાં ધીરે ધીરે અમુક લોકો વેગન જીવનપદ્ધતિ અપનાવી રહ્યા છે, પરંતુ આ બાબતમાં આપણે ખૂબ જ પાછળ છીએ.




***પહેલાંના સમયમાં ‘શાકાહારી’ થવું પૂરતું હતું, પરંતુ હવે એનાથી આગળ વધીને વેગન બનવું એ જ સાચો માર્ગ છે. એકસાથે અને અચાનક સંપૂર્ણ વેગન બનવું દરેક માટે કદાચ શક્ય નથી, પરંતુ દૂધનો ધીરે ધીરે વપરાશ ઓછો કરતા જઈએ તો પણ ઘણું છે. દૂધનો વપરાશ ફક્ત બાળકો માટે કરીએ. આપણો વપરાશ ઓછો થશે તો બાળકોને કદાચ સારી ગુણવત્તાવાળું અને ભેળસેળ વગરનું શુદ્ધ દૂધ મળશે.***

## વેગન બન્યા પછીના અનુભવ- *આ લોકો શું કહે છે?*

◆ 'મેં પહેલી વાર શુદ્ધ, શારીરિક, આધ્યાત્મિક, નૈતિક અને લાગણીસભર જિંદગી જીવવાનો અનુભવ કર્યો.'-ક્રિસ્ટીન

◆ 'મને અંદરની શાંતિનો અને બીજા જીવો સાથેના જોડાણનો અનુભવ થયો અને એ અનુભવ મુક્તિ તરફ લઈ જતો લાગ્યો.'- પીટર




◆ જેમ્સ મેક્વિલિયમ (ટેક્સાસ યુનિવર્સિટી, અમેરિકામાં પ્રોફેસર)ના શબ્દો- 'જે દિવસે મેં ફેક્ટરી ફાર્મમાં વાછરડાનો જન્મ થાય છે એવી વિડિયો જોઈ એ જ દિવસથી હું વેગન બની ગયો. વાછરડાને એની માતાથી તરત અલગ કરી દેવામાં આવ્યું હતું. વાછરડું એની ડોક પાછળ લઈને એની માતાને જોવાની કોશિશ કરતું હતું. ગાય ગુસ્સાથી અને લાચારતાથી પાગલ જેવી જણાતી હતી. ગાયનો જે દર્દનાક અવાજ સાંભળ્યો એવો અવાજ મેં કોઈ દિવસ સાંભળ્યો નથી. શું થઈ રહ્યું છે એ મને સમજાતું નહોતું, પરંતુ એટલો ખયાલ આવ્યો કે આ ખૂબ જ ખરાબ હતું અને દૂધના એક ગ્લાસ માટે પ્રાણીઓનું આ દર્દ વ્યાજબી નથી. મને ગાય અને વાછરડા માટે જે લાગણી થઈ એમાં મારી દુનિયા બદલાઈ ગઈ.'

***કાર્લ લુઈસ- અમેરિકન દોડવીર જે વેગન છે- ઈન્ટરનૅશનલ ઑલિમ્પિક્સ કમિટીએ એને સદીનો શ્રેષ્ઠ રમતવીર કહ્યો હતો. એણે ઑલિમ્પિક્સમાં ૯ ગોલ્ડ અને એક સિલ્વર મેડલ મેળવ્યો છે. કાર્લ લુઈસના શબ્દો- 'વેગન ખોરાક શરૂ કર્યાના પહેલાં વર્ષમાં દોડમાં મારો ઉત્તમ દેખાવ હતો. વેગન ખોરાક ખાવાથી મારું વજન કન્ટ્રોલમાં રહે છે. હું વધારે ખાઉં છું. ખૂબ જ સારું લાગે છે.'***



**૨. બીજો સરળ ઉપાય-** ***દૂધમાંથી બનતી વસ્તુઓનો ઉપયોગ ઘટાડવોઃ***

ભારતમાં દૂધ અને દૂધની બનાવટોની માર્કેટ રૂપિયા ૪ લાખ કરોડની છે અને આમાંથી ૪૫% પ્રવાહી દૂધની માગ છે, જ્યારે બાકીના ૫૫% દૂધમાંથી બનતી બીજી વસ્તુઓ માટે છે, જેમ કે ઘી (બટર), ચીઝ, પનીર, આઈસક્રીમ, મીઠાઈ, ચૉકલેટ, ઈત્યાદિ. આ



દરેક વસ્તુઓની માગ ૨૦%-૩૦%ના વાર્ષિક દરથી વધવાની છે. આ વસ્તુઓ વેચવા માટે મોટી મોટી કંપનીઓની અસંખ્ય શાખા ખૂલી જવાથી આ દૂધબનાવટની વસ્તુઓનો વપરાશ ખૂબ જ વધી જશે એ ચોક્કસ બાબત છે. આપણા શાકાહારી લોકોનો આ દરેક વસ્તુઓનો વાર્ષિક વપરાશ હજારો ટનનો છે. આપણે કોશિશ કરીએ તો જરૂરથી આમાં ઘણો કાપ મૂકી શકીએ.

**આ દરેક વસ્તુઓ માટેના 'ડેરી ફ્રી' વિકલ્પ પણ છે.**

આપણે એનો ઉપયોગ કરીએ. તોફું, સોયા ચીઝ, બદામનું બટર, વગેરે દરેક વસ્તુઓ મોટા ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં મળે છે. આ વસ્તુઓ બનાવવા માટેની રીત (રૅસિપી) નીચે આપેલી વેબસાઈટોમાંથી જાણવા મળશે: sharanindia.org, peta.org, vegan.org, youtube

આપણને એ પણ ખયાલ હોવો ઘટે કે ચીઝમાં વાછરડાનું રેનેટ (વાછરડાંના પેટનાં આંતરડાંમાંથી બનતી વસ્તુ) વપરાય છે. આઈસક્રીમમાં પશુઓની ચરબી વપરાય છે.

*માંસ વગરનો સોમવાર* (**Meatless Monday**) *એ એક અભિયાન છે, જે અમેરિકા અને બીજા દેશોમાં પ્રચલિત થઈ રહ્યું છે. પોતાના સ્વાસ્થ્ય અને પર્યાવરણની રક્ષા માટે અઠવાડિયામાં એક દિવસ માંસ ન ખાવું એવું કરવામાં આવે છે.*

*ભારતમાં આપણે પણ દૂધ વગરનો સોમવાર* (**Milkless Monday**) *મનાવીએ તો દૂધનો વપરાશ ૧૫% (સાતમાંથી એક દિવસ) ઘટી જાય. લાખો પ્રાણીઓનો જીવ બચી જાય. શું આપણે દૂધ કે દૂધની બનાવટની વસ્તુઓ વગર એક દિવસ ન રહી શકીએ?*

## ૩. ધાર્મિક બાબતોમાં દૂધ-ઘીનો ઉપયોગઃ *ઈશ્વરને પસંદ હશે ખરું?*

### ધાર્મિક વિધિઓમાં પ્રાણીઓની આપવામાં આવતી આહુતિ-

પહેલાંના સમયમાં ઘણી જગ્યાએ યજ્ઞ અને પૂજામાં પ્રાણીઓની બલિ આપવામાં આવતી હતી. આજે પણ કોઈક કોઈક જગ્યાએ આ પ્રથા ચાલુ જ છે.

આપણે પણ ધાર્મિક વિધિઓમાં ઘી, દૂધ ને દૂધની મીઠાઈઓનો ઉપયોગ પ્રસાદ અને ધાર્મિક જમણવારમાં કરીએ છીએ. એમાં પણ એક રીતે જોઈએ તો પ્રાણીઓનું બલિદાન જ આપવામાં આવી રહ્યું છે.

### *ધાર્મિક વિધિઓમાં વપરાતાં દૂધ અને ઘી-શુદ્ધ અને પવિત્ર છે ખરાં?*

આજના દૂધમાં પસ, લોહી, ઍન્ટિ-બાયોટિક દવાઓ અને બીજા અનેક જાતના હોર્મોન્સ છે. આ દૂધ ભગવાનને ધરવા માટે 'શુદ્ધ અને પવિત્ર' ગણી ન શકાય. આની જગ્યાએ વેજિટેબલ ઘી કે સોયા દૂધનો ઉપયોગ કરવો જોઈએ.

એક વાર તો આપણે એ ચોક્કસ વિચારવું રહ્યું કે આપણાં આવાં ઘી, દૂધ કે મીઠાઈથી ભગવાન ખુશ થતા હશે કે પ્રાણીઓનું દર્દ જોઈને એમને પણ પીડા થતી હશે?

આજના ક્રૂર ડેરી ઉદ્યોગના જમાનામાં આપણી ધાર્મિક રીતમાં બદલાવ જરૂરી છે. આપણે આપણાં ધાર્મિક સ્થાનો અને ધાર્મિક પ્રસંગને તો પ્રાણીહિંસાથી મુક્ત બનાવીને પવિત્ર કરીએ.

### *આપણે દરેક વસ્તુને શું કામ ધાર્મિક લેબલ મારીએ છીએ?*

ભારતમાં આપણે 'શાકાહારી જીવનશૈલી'ને ધાર્મિક વિષય બનાવ્યો અને બહુ બધી પ્રજાને પ્રાણીઓની લાગણીથી વિમુખ બનાવી દીધી. આપણે સૌથી મહાન ધર્મ માનવતાના ધર્મને ભૂલીને જીવદયાને કોઈ એક સાંપ્રદાયિક ધર્મ ગણીને આપણે પ્રાણીઓનું તો અહિત જ કર્યું છે.

'હરે કૃષ્ણ સંસ્થા' (ઈસ્કોન) તરફથી ચાલતો 'ફૂડ ફૉર લાઈફ' (www.ffi.org) - ૧૯૭૪ના વર્ષમાં શરૂ થયેલું આ અભિયાન રોજના ૩૦ લાખ લોકોને ૬૦ દેશમાં વેગન ખોરાક તદ્દન ફ્રીમાં આપે છે. સ્કૂલોમાં અને અછતવાળા પ્રદેશોમાં ખોરાક પહોંચાડવામાં આવે છે. દુનિયામાં આવી રીતનો આ સૌથી મોટો પ્રોગ્રામ છે અને એ યુનાઈટેડ નૅશન વર્લ્ડ ફૂડ પ્રોગ્રામથી પણ મોટો છે. શું આ સાચો માનવધર્મ નથી?

***છેલ્લી થોડી સદીઓમાં અહિંસાનો પ્રભાવ ગાંધીજીએ વધાર્યો એવું કોઈ ધર્મગુરુઓએ કર્યું નથી. હકીકતમાં જીવદયાના પ્રચાર માટે માનવધર્મ સિવાય બીજા કોઈ ધર્મની જરૂર નથી.***

## ૭. 'ચાય પે ચર્ચા'-ગ્રીન ટી - *લીલી ચા (દૂધ વગરની)નો ઉપયોગ કરીએ*





ભારતના દરેક પ્રાંતમાં મોટા ભાગના લોકો દિવસમાં ઘણી વાર દૂધમાં બનાવેલી ચા પીવે છે. રોજનું લાખો લિટર દૂધ આપણે ચા માટે વાપરીએ છીએ, જ્યારે બીજા દેશોમાં દૂધ વગરની ચા પીવાનો રિવાજ પ્રચલિત છે.

વિશ્વમાં ગ્રીન ટીને તંદુરસ્તી માટે સૌથી ઉત્તમ પીણા તરીકે ગણવામાં આવે છે. ગ્રીન ટીમાં ઍન્ટિ-ઑક્સિડન્ટ (Antioxidants) ખૂબ વધારે માત્રામાં છે, જે આપણા શરીરના કોષોનું રક્ષણ કરે છે.

**ગ્રીન ટી પીવાથી નીચે મુજબના લાભ થાય છે...**

(૧) મગજની શક્તિ વધારે છે. ૨) લોહીમાં સુગરનું પ્રમાણ ઘટાડે છે.
(૩) કૉલેસ્ટરોલ લેવલને ઘટાડે છે. ૪) દાંતોનું સ્વાસ્થ્ય સુધારે છે.
(૫) શરીરનું વજન સપ્રમાણ રાખે છે ૬) શરીરની ચામડીને સારી કરે છે.
(૭) બ્લડ પ્રેશર ઓછું કરે છે. ૮) કૅન્સર જેવા મહાભયંકર રોગ ઓછા થાય.
(૯)હાડકાંને મજબૂત કરે છે. ૧૦) જલદીથી ઘરડા થવાની પ્રક્રિયાનો સામનો કરે.

**નોંધ/ચેતવણી:** 'ગ્રીન ટી' કે 'બ્લૅક ટી' કે કોઈ પણ ચા પીતાં પહેલાં સાવચેતી રાખોઃ

જે લોકો લોહીને પાતળું કરવાની (Anticoagulant) દવા જેવી કે Coumadin/Warfarin લેતા હોય એમણે ગ્રીન ટીમાં રહેલા વિટામિન Kના લીધે સાવધાની રાખવાની જરૂર છે. ગ્રીન ટી અને એસ્પિરિન (Aspirin)ને સાથે મેળવવાથી લોહીને જામતું રોકે છે અને એનાથી રક્તસ્રાવ (Bleeding)નું જોખમ વધી જાય છે. બીજી દરેક ચાની જેમ ગ્રીન ટીમાં પણ થોડું કેફીન (Caffeine) છે એથી ગર્ભાવસ્થા દરમિયાન ચાનો વપરાશ ઓછો કરવો જોઈએ. શક્તિવર્ધક દવાઓ (Stimulant Drugs)ની સાથે ગ્રીન ટીનો ઉપયોગ બ્લડ પ્રેશર કે હૃદયના ધબકારાને વધારે છે. જે લોકો Warfarin-Coudamin લેતા હોય એમણે ગ્રીન ટીનો ઉપયોગ ન કરવો જોઈએ.

***'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ના ૨૮ જુલાઈ, ૨૦૧૪ના રિપોર્ટ મુજબ ભારતમાં ગ્રીન ટી એક હેલ્થ-ફૂડ તરીકે ઊભરી રહ્યું છે. ભારતમાં 'બ્લૅક ટી'નું વાર્ષિક વેચાણ ૨%નો વધારો દર્શાવે છે, જ્યારે ગ્રીન ટીનાં વેચાણમાં ૬૦%નો વધારો થઈ રહ્યો છે.***

## ૫. અહિંસક વસ્તુઓનો વપરાશઃ *...શું આપણને આ ખયાલ છે ખરો કે....*

***માંસ ઉદ્યોગને પ્રાણીઓના શરીરના અવયવમાંથી થતી આવકનું પ્રમાણ બહુ જ વધારે છે અને એના લીધે માંસ ઉદ્યોગનો વિકાસ બહુ ઝડપી થયો છે.***




◆ આપણી જરૂરિયાતો (જે જીવન જરૂરિયાતો નથી)ની વસ્તુઓ જેવી કે સૌંદર્ય પ્રસાધનો (Cosmetics), સાબુ, ટૂથપેસ્ટ, બિસ્કિટ, બૅકરી પ્રોડક્ટ્સ, જામ, ચીઝ, ચૉકલેટ, વગેરેમાં પ્રાણીઓનાં હાડકાંનો પાવડર, જિલેટીન, ચરબી, મટન ટેલો, ઈંડાં, વાછરડાનું રેનેટ, ઈત્યાદિ પ્રાણીજન્ય વસ્તુઓનો ઉપયોગ થાય છે.



◆ દવાઓની ચકાસણી અને એને બનાવવા માટે લાખો પ્રાણીઓને રિબાવવામાં આવે છે અને એમની હત્યા થાય છે.

◆ મીઠાઈઓ અને ધાર્મિક ક્રિયામાં વપરાતા વરખમાં કુમળા વાછરડાની ચામડીનો ઉપયોગ થાય છે.

◆ ફક્ત ૧૦૦ ગ્રામ સિલ્ક માટે ૧૫૦૦ રેશમના કીડાને ગરમ પાણીમાં ઉબાળીને મારવામાં આવે છે.

◆ વૂલન, ફર, હેર બ્રશ, પેઈન્ટ બ્રશ બનાવવા માટે પ્રાણીઓને ખૂબ જ વેદના આપીને વાળ ખેંચી કાઢવામાં આવે છે. પ્રાણીઓ રિબાયને મૃત્યુ પામે છે.



◆ હાથીદાંત (Ivory) માટે હાથીઓને પીડા આપવામાં આવે છે અને ઘણી વાર ફક્ત એના માટે હાથીની હત્યા કરવામાં આવે છે.

◆ માછલીના પેટને ચીરીને મોતી (Pearl) કાઢવામાં આવે છે.

◆ લાખ (ઝાડમાંથી નીકળતો લાલ રંગનો પદાર્થ)ઃ ને વાપરવાથી લાખો નાના જીવડાનો ભોગ લેવાઈ જાય છે.

◆ મધઃ મધમાખીઓને મારીને મધ મેળવવામાં આવે છે.

***દેહદાન-ચક્ષુદાનઃ આપણામાંથી માત્ર બહુ થોડા મનુષ્ય જ મૃત્યુ પછી દેહદાન કે ચક્ષુદાનનો વિચાર કરે છે, જ્યારે પ્રાણીઓના દરેક અવયવનું તો જબરદસ્તીથી જીવતાં જીવ જ દાન થઈ જાય છે.***

◆ બોનચાઈના: કપ, ડિનર સેટ, ફ્લાવર વાઝ, વગેરેમાં બળદનાં હાડકાંની રાખનો ઉપયોગ થાય છે.

◆ આપણા પ્લાસ્ટિકના અતિ વપરાશથી સમગ્ર કુદરતી વાતાવરણનો વિનાશ થઈ રહ્યો છે. ગાય અને બીજાં પ્રાણીઓના ખોરાકમાં પ્લાસ્ટિક આવી રહ્યું છે અને એ ખૂબ જ પીડાદાયક હોય છે.

ઉપર જણાવેલી આપણી વપરાશની વસ્તુઓના અહિંસક વિકલ્પ તૈયાર છે અને એ પણ આપણી જરૂરિયાત કે મોજશોખમાં કાપ મૂક્યા વગર શક્ય છે. આ વસ્તુઓ મેળવવા માટે થોડી મહેનત કરીને તપાસ કરવાની જરૂર છે અને નિશ્ચય કરવાનો કે આપણે આપણી સગવડતા માટે કોઈ પણ જીવને હાનિ પહોંચાડવી નથી.

ભારતમાં CBSE બૉર્ડે એને સંલગ્ન એવી હજારો સ્કૂલોને જણાવ્યું છે કે વિદ્યાર્થીઓ માટે ચામડાંનાં શૂઝનો ઉપયોગ ઘટાડવો અને કેનવાસનાં શૂઝનો ઉપયોગ વધારવો. CBSEના ઑફિસર રમા શર્માના 'ટાઈમ્સ ઑફ ઈન્ડિયા'ને જણાવ્યા મુજબ 'આમાં કોઈ બેમત નથી કે પર્યાવરણને ખૂબ જ નુકસાન પહોંચાડીને અને પ્રાણીઓની હિંસા કરીને ચામડું મેળવવામાં આવે છે. ચામડું મેળવવા માટે ઝેરી રસાયણોનો ઉપયોગ કરવામાં આવે છે, જે ખૂબ જ ઓછો થઈ શકે. જો, સ્કૂલોમાં ચામડાંનાં શૂઝના વપરાશને મરજિયાત બનાવવામાં આવે.'




**આપણી ખાવા-પીવા અને રોજિંદા વપરાશની બહુ બધી વસ્તુઓમાં પ્રાણીજન્ય વસ્તુઓ વપરાતી હોય તો આપણે શાકાહારી છીએ એ વાતનું વજૂદ કેટલું?**

***આપણે દરેક લોકો એક એક પાંજરાપોળ તો કદાચ ન બંધાવી શકીએ, પરંતુ કોશિશ કરીએ તો આપણા દરેકનાં ઘરમાં ચાલતું એક 'મિની કતલખાનું' તો જરૂરથી બંધ કરી શકીએ.***

***કોઈ પણ વસ્તુ ખાતાં કે વાપરતાં પહેલાં-આટલું વિચારીએ-શું આ વસ્તુ કોઈ જીવને હાનિ પહોંચાડે છે? શું મારી પાસે બીજો કોઈ અહિંસક વિકલ્પ છે?***

## ૬. નીતિમય આર્થિક વ્યવહાર-

***શૅરબજારમાં રોકાણ કરીએ...***
***પરંતુ સાથે સાથે માનવતા ન ભૂલીએ***




શૅરબજાર (Stock Market)માં રોકાણ કરતાં પહેલાં એક વાતનું ચોક્કસ ધ્યાન રાખીએ કે આપણે




માંસ, દારૂ, ડેરી અને ડેરી પ્રોડક્ટ્સનું ઉત્પાદન કરતી કંપનીઓ, ચામડું, ઈંડાં, ચિકન, સિગારેટ, તંબાકુ, હોટેલ, દવા બનાવતી કંપનીઓ, ઈત્યાદિ ઉદ્યોગોને પ્રોત્સાહન ન આપીએ. આ દરેક ઉદ્યોગ માનવી અને પ્રાણી બન્ને માટે હાનિકારક છે.

આપણે જાણીએ છીએ કે રોકાણકારોની મૂડીથી જાહેર કંપનીઓ (listed Companies) એના વેપારનો વિકાસ કરે છે.

આપણને જાણ ન હોવાને લીધે અથવા તો બરાબર માર્ગદર્શન ન મળવાને લીધે આપણે જાણે-અજાણે એવી પ્રવૃત્તિઓમાં મદદ કરીએ છે, જે કરવાનો આપણો ઈરાદો નથી. આપણા સદ્નસીબે Beauty Without Cruelty નામની સંસ્થાએ રોકાણકારો માટે માર્ગદર્શિકા (Guide) બહાર પડી છે (http://www.bwcindia.org. ૨૦૧૪ની PDF ફાઈલ ડાઉનલોડ કરી શકો છો.)

આ માર્ગદર્શિકામાં કંપનીઓને એમની પ્રવૃત્તિ અનુસાર અલગ અલગ વિભાગમાં દર્શાવવામાં આવી છે. આપણે કોઈ પણ કંપનીમાં રોકાણ કરતાં પહેલાં આ ગાઈડ પર નજર નાખવી જોઈએ.

હા, એક વાતનો ડર ન હોવો જોઈએ કે આપણે માંસ, દારૂ કે સિગારેટ, ઈત્યાદિ કંપનીઓમાં રોકાણ ન કરીએ તો પછી બીજી કઈ કંપનીઓમાં રોકાણ કરીને વધારે વળતર મેળવી શકાય. સાચા અને સારા રસ્તે કામ કરતી હજારો સારી કંપનીઓ છે, જેમાં રોકાણ કરીને આપણને સારું વળતર પણ મળશે અને કોઈ પણ જાતનાં પાપના બોજથી પણ બચી જવામાં આવશે. આવી રીતે આપણે જે પણ વ્યવસાય કરતા હોઈએ એમાં પણ જાણે-અજાણે પ્રાણીહિંસા થતી હોય એવી પ્રવૃત્તિ ન કરીએ એનું ધ્યાન રાખીએ.

***રશિયામાં જન્મેલા, પણ અમેરિકામાં વસવાટ કરતા- Mr. Pierre Troubetzkoy-નામના એક ચિત્રકારના શબ્દો છે- 'માણસ શું કામ ઉપરવાળા પાસે એવી આશા રાખે છે કે એની પ્રાર્થના એ સાંભળે? જ્યારે આપણે આપણી નીચે વસતા બીજા દરેક જીવો પ્રત્યે દયા દાખવતા નથી.'***

## ૭. જીવદયા માટે બીજું ઘણું બધું કરી શકાય...

આપણે શાકાહારી લોકો જીવદયા માટે જે કાર્યો કરીએ છીએ એ મોટે ભાગે પાંજરાપોળ સુધી જ સીમિત થઈ જાય છે. વિશ્વમાં બહુ બધી સંસ્થા પ્રાણીઓ પ્રત્યેની અનુકંપા વધારવા બહુ મોટા પાયે કાર્યો કરી રહી છે. દૂધ અને માંસથી સ્વાસ્થ્ય ને પર્યાવરણ પર થતી ખરાબ અસરની બાબતોમાં ખૂબ જ સંશોધન થઈ રહ્યાં છે. આપણે પણ આપણી જીવદયાની પ્રવૃત્તિને વધારે વિશાળ અર્થમાં જોવાની જરૂર છે. આ બાબતમાં નીચે જણાવ્યા મુજબ પગલાં લઈ શકાય...

- જે ખેડૂતો પ્રાણીઓને જીવનપર્યંત સાચવતા હોય એમને આર્થિક મદદ આપીએ.
- પાંજરાપોળોનો વિકાસ કરીએ. દરેક નબળાં, બીમાર અને વૃદ્ધ પશુઓને પાંજરાપોળમાં રાખી શકાય એવી વ્યવસ્થા કરીએ.
- જીવદયા કાર્ય પર કોઈ પણ જાતનું સાંપ્રદાયિક 'ધાર્મિક' લેબલ ન લગાવીએ. આ કાર્યને માનવધર્મ સિવાય બીજા કોઈ પણ ધર્મ સાથે ન જોડીએ.
- નાત-જાત અને ધર્મના ભેદભાવ વગર ઘણી બધી સંસ્થાઓ જીવદયાના ક્ષેત્રમાં કાર્ય કરી રહી છે. આપણે આપણા દાનનો પ્રવાહ થોડો આ તરફ પણ વાળવો જોઈએ.
- છેલ્લા થોડા સમયથી વિશ્વના બહુ મોટા કુબેરપતિઓ અને ઉદ્યોગપતિઓએ વેગન કંપનીઓમાં રોકાણ કરવાનું ચાલુ કર્યું છે. એમને ખયાલ આવી રહ્યો છે કે ભવિષ્યમાં આ વ્યવસાયોમાં ખૂબ તેજી આવવાની છે અને સાથે સાથે પર્યાવરણ અને લોકોના આરોગ્યનું કામ પણ થઈ રહ્યું છે. બિલ ગેટ્સ (Microsoft કંપનીના સ્થાપક) Hempton Creek Foods અને Beyond Meat નામની કંપનીઓમાં રોકાણ કર્યું છે, જ્યારે એશિયાની સૌથી શ્રીમંત વ્યક્તિ Li Ka-Shing પણ Hempton Creek Foodsમાં રોકાણ કરે છે. આવી રીતે Yahoo અને Paypalના માલિકો પણ વેજિટેરિયન અને વેગન કંપનીઓમાં રોકાણ કરી રહ્યા છે. Hempton Creek Foods કંપની ટેક્નોલૉજીની મદદથી પ્રાણીજન્ય વસ્તુઓના વપરાશ વગર નવી નવી ખોરાકની વાનગીઓ બનાવે છે. Beyond Meat કંપની કૃત્રિમ માંસ બનાવે છે, જેમાં કોઈ પણ પ્રકારની પ્રાણીજન્ય વસ્તુ નથી. આપણે પણ આવી કોઈ કંપનીઓને પ્રોત્સાહિત કરીએ અને સાથે સાથે રોકાણ પર સારું વળતર પણ મેળવીએ.
- દુનિયામાં કોઈ કોઈ સંસ્થા અને વિજ્ઞાનીઓ કૃત્રિમ માંસ બનાવવાના પ્રયોગ કરી રહ્યાં છે. આ ખર્ચ અને સમયની દૃષ્ટિએ ખૂબ જ મોટું કાર્ય છે. આ કાર્યમાં આર્થિક સહાય

***'પ્રાણીઓને ધિક્કારવા એના કરતાં પણ સૌથી ખરાબ પાપ એ છે કે એમની પ્રત્યે ઉદાસીન* (Indifferent) *વલણ અપનાવવું અને આ અમાનવીય કૃત્ય છે.'***

**– George Bernard Shaw (ખૂબ જ જાણીતા નાટ્યકાર અને સાહિત્યકાર)**

કરવાથી એને વેગ મળશે.

▶ આવી જ રીતે મુફરી (muufri.com) નામની કંપની લૅબોરેટરીમાં પ્રાણીઓના કૃત્રિમ દૂધ બનાવવાનો પ્રયાસ કરી રહી છે.

▶ અમદાવાદમાં બે જૈન બહેનોએ મુસલમાન સ્ત્રીઓ માટે 'હલાલ' કૉસ્મેટિક્સ તૈયાર કર્યા છે. આ કૉસ્મેટિક્સમાં કોઈ પણ જાતની પ્રાણીજન્ય વસ્તુઓ નથી. આમાં મુસલમાન, જૈન, પ્રાણીઓ-આ ત્રણે શબ્દો એક સાથે છે. આપણે કોશિશ કરીએ તો આવું ઘણું બધું કરી શકીએ.

▶ આજે સરકાર તથા ખાનગી કંપનીઓ દૂધ, માંસ, ઈંડાં, ઈત્યાદિનો ઉપયોગ વધારવા માટે જાહેરાતો આપે છે અને લોકોની મતિ ભ્રષ્ટ કરે છે. આપણે પણ આની સામે મનુષ્યો માટે શું હિતાવહ છે એની જાહેરાતો આપવી પડશે. લોકોને જાગૃત કરવા પડશે.

▶ આપણા દેશમાં ધંધો કરવા આવતી વિદેશી ડેરી કંપનીઓ સામે આપણે અવાજ ઉઠાવવો પડશે. એમને જાણવું જોઈએ કે ભારત દેશ કાંઈ 'કચરાટોપલી' (Dustbin) નથી.

▶ આગળ આપણે જોયું કે આપણા દેશમાં પ્રાણીઓની રક્ષા માટે બહુ બધા કાયદા છે, પરંતુ એ ફક્ત દેખાવ પૂરતા છે અને એમનો પણ અમલ થતો નથી. મૂંગાં પ્રાણીઓને બદલે આપણે બોલીએ અને એના અમલ માટે મહેનત કરીએ.

▶ ભારતમાં ગોવંશ હત્યાનો વધારે વિરોધ થઈ રહ્યો છે. આપણી કોશિશ તો દરેક જીવને બચાવવા માટેની હોવી જોઈએ.

*ફેબ્રુઆરી, ૨૦૧૪માં શ્રી નરેન્દ્ર મોદી (જ્યારે એ હજુ વડા પ્રધાન નહોતા બન્યા)એ કોંગ્રેસ સરકાર સામે આ બાબતમાં ખુલ્લો આક્ષેપ કરેલો કે કોંગ્રેસના રાજ્યમાં ફક્ત એક જ ક્રાંતિ થઈ રહી છે અને એ છે માંસની ગુલાબી ક્રાંતિ, પરંતુ જુલાઈ, ૨૦૧૪માં વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ખુદ માછીમારી વ્યવસાયને વિકસાવવાની વાત* (Blue Revolution) *કરે છે ત્યારે આઘાત લાગે છે. માછલી પણ દરિયાઈ પ્રાણી છે અને એનું માંસ એ માંસ જ છે. આજે જ્યારે ભારતની જનતાએ ભારી બહુમતીથી ભાજપની સરકારને જિતાડી છે, ત્યારે આપણને દુઃખ થાય છે કે એ પણ એક યા બીજી રીતે માંસ કલ્ચરને વધારવાની વાત કરે છે.*

*લોકોની ફરજ બને છે કે ભાજપ સરકારને યાદ કરાવે કે એ આ સફેદ, ગુલાબી, બ્લ્યુ, ઈત્યાદિ ક્રાંતિને બંધ કરે.*

***''ભારતના નાગરિકો માટે અચ્છે દિન'*** *-પ્રાણીઓનું સાચી રીતે કલ્યાણ કર્યા વગર આવશે નહીં.*

## no excuse — આપણે આપણી જાતને તો ન જ છેતરીએ...

દૂધનો વપરાશ ઘટાડવાના બહુ બધા રસ્તા છે, પરંતુ જ્યારે આપણે આપણી રહેણીકરણીમાં ફેરફાર કરવા જઈએ એટલે આપણું મન એ ફેરફાર ન કરવા માટે બહાનાં શોધવા લાગે છે અને આપણે આપણી જૂની આદતો કે વિચારધારામાંથી બહાર નીકળી શકતા જ નથી.

| બહાનું (Excuse) | ખોટાં બહાનાં સામે આપણા મનને કઈ રીતે કેળવીએ... |
|---|---|
| દૂધનો વપરાશ ઓછો કરવાના આપણા એકલાના નિર્ણયથી શું ફરક પડશે? | સૌથી પ્રથમ તો આપણે પોતે કંઈ ખોટું કાર્ય કરવાના દોષથી બચી જઈએ છીએ.<br>બીજું, આપણે સારું કાર્ય કરીશું એ જોઈને બીજા લોકો પણ એનું અનુકરણ કરશે.<br>***સારા કામની શરૂઆત કોઈકના તો પહેલાં કદમથી થાય છે. એક કહેવત છે કે 'આપણે બધું ન કરી શકીએ એનો મતલબ એ નથી કે કંઈ પણ ન કરવું.'*** |
| દૂધ પીવું એ આપણી સદીઓ જૂની આદત છે અને એ છોડવી મુશ્કેલ છે. | દૂધ પીવું એ આપણી સદીઓ જૂની આદત છે અને એ છોડવી મુશ્કેલ છે. આદતો ને રિવાજો સમય ને જરૂરિયાત પ્રમાણે બદલાઈ જાય છે. દૂધના ઘણા વિકલ્પ છે.<br>બિનશાકાહારી લોકો પણ આ જ કહે છે કે માંસાહાર કરવો તે એમની સદીઓ જૂની આદત છે. આપણે એમને શું કહેવું?<br>***જ્યારે આપણને સમજાય કે આપણી આદતોના લીધે કોઈનું જીવન જોખમાય છે ત્યારે આપણે આપણી આદત અને સ્વાદને બદલવાં જોઈએ.*** |

***આપણે વિચારવંત માણસોએ આપણા જૂના ક્રૂર રીતિ-રિવાજોનો સખત વિરોધ કરવો જોઈએ. શક્ય છે કે આ રીતિ-રિવાજો આપણી આસપાસ અને આપણી રીતભાતમાં સદીઓથી ભળી ગયા હોય તો પણ એનો વિરોધ થવો જોઈએ. જ્યારે આપણી પાસે વિકલ્પ હોય ત્યારે આપણે નાનામાં નાના જીવને પણ હાનિ ન થાય તેમ કરવું જોઈએ અને તેમ ન કરીએ તો આપણે આપણું મનુષ્યત્વ છોડી દઈએ છીએ અને પાપનો ભાર ઉઠાવતા હોઈએ એમ કહેવાય અને એનો કોઈ રીતે બચાવ ન કરી શકાય.***

**- Albert Schweitzer** (મહાન ફિલસૂફ અને વિજ્ઞાની)

| બહાનું (Excuse) | ખોટાં બહાનાં સામે આપણા મનને કઈ રીતે કેળવીએ... |
|---|---|
| ડેરી ઉદ્યોગમાંથી ઘણા બધા લોકોને આજીવિકા મળે છે અને આપણા દૂધના વપરાશને ઓછો કરવાને લીધે એમની આવક પર અસર પડશે. | આ જ દલીલ બીજી ઘણી પ્રવૃત્તિઓ માટે પણ કરી શકાય, જે સમાજ માટે અથવા તો બીજા જીવો માટે હાનિકારક છે. રાતોરાત કંઈ કોઈની આજીવિકામાં ફરક પડવાનો નથી અને સમયની સાથે સાથે લોકો નવા વ્યવસાયમાં જોડાય જાય છે. ***કોઈ પણ વ્યાવસાયિક પ્રવૃત્તિ લાંબા સમય સુધી તો જ ટકી શકે, જ્યારે એ સંસારના સમગ્ર જીવો માટે લાભદાયી હોય.*** |
| દરેક લોકો એકસાથે દૂધ પીવાનું બંધ કરશે તો આટલાં બધાં પ્રાણીઓનું શું થશે? એ વહેલાં કતલખાને જશે. પશુઉછેર તો થવો જ જોઈએ. | એકસાથે દરેકની આદતોમાં અચાનક ફરક નથી પડવાનો. ખરાબ થતાં વર્ષો લાગ્યાં છે. બીજું, પ્રાણીઉછેર બંધ કરવાની વાત નથી. ફક્ત એને મર્યાદિત અને કુદરતી પ્રમાણમાં ઉછેરવાની વાત છે. ***કોઈ પણ પ્રવૃત્તિ એની કુદરતી મર્યાદા ઓળંગે છે ત્યારે પ્રલય સર્જાય છે. પ્રલય આવે છે ત્યારે ફક્ત પ્રાણીઓનો નહીં, પણ દરેકનો વિનાશ થાય છે.*** |




***'શું આપણે પ્રાણીઓની આંખ સામે આંખ મેળવીને એમ કહી શકીએ ખરા કે તમારી પીડા કરતાં અમારી ભૂખનું મહત્ત્વ વધારે છે.'***

**- Moby** *(અમેરિકાનો ગાયક અને સંગીતકાર)*

## પ્રાણીઓ પણ કદાચ આપણને કહેતાં હશે કે...

### ...હે શાકાહારી દયાળુ લોકો! તમે તો કંઈક સમજો.

તમે અહિંસામાં વિશ્વાસ ધરાવો છો અને એથી માંસાહાર નથી કરતા, પણ અજાણતા તમારું કાર્ય માંસાહાર જેવું જ થઈ જાય છે. તમને નરી આંખે દેખાતું નથી એટલે ખયાલ નથી આવતો, પણ આપ વિચારશીલ મનુષ્યો વિચારશો તો જરૂરથી ખયાલ આવશે કે તમારા દૂધના વપરાશને કારણે આજે અમે કેવી ભયાનક પરિસ્થિતિમાં મુકાઈ ગયાં છીએ. પહેલાંના સમયમાં આવું નહોતું.

બીજું, તમે જેમ જેમ સુસંસ્કૃત (Civilised) થતા ગયા તેમ તેમ ગણતરીબાજ થતા ગયા. દરેક વસ્તુને નફા-નુકસાનના ત્રાજવે તોળવા લાગ્યા. ભારત દેશ શું આર્થિક રીતે સાવ કંગાલ છે કે અમારાં લોહી, માંસ અને ચામડાંમાંથી તમારું વિદેશી હૂંડિયામણનું ખપ્પર ભરાય છે? તમે દૂધનો અમર્યાદિત વપરાશ વધાર્યો અને એથી દૂધનું ઉત્પાદન વધારવા અમને દવાઓ/ઈન્જેક્શનો આપી આપીને તમે દૂધની ગુણવત્તા ખરાબ કરી નાખી છે. આ ઉપરાંત, તમે દૂધમાં કેવી કેવી વસ્તુઓની ભેળસેળ ચલાવી લો છો એ જાણીને અમને આશ્ચર્ય થાય છે અને એથી મનુષ્યજાતિમાં નવા ગંભીર રોગનું પ્રમાણ વધી ગયું છે એની અમને નવાઈ નથી લાગતી.

તમે મનુષ્યોને એટલો તો ખયાલ જ છે કે માતા જેવો ખોરાક લે છે એવાં પોષક તત્ત્વો એના દૂધમાં આવે છે. આ જ નિયમ અમારા દૂધ માટે પણ લાગુ પડે છે. માતાના દૂધનું સત્ત્વ પણ માતાની માનસિક પરિસ્થિતિનું દર્પણ છે. અમારાં વાછરડાંને એમના જન્મ થતાં અમારાથી દૂર કરી દેવામાં આવે છે, કારણ કે એમના ભાગનું દૂધ તમારા ઉપયોગ માટે જોઈએ છે, પરંતુ નવજાત શિશુને એમની માતાથી અલગ થવાની વેદના કોણ જાણી શકશે? આવા સમયે મેળવવામાં આવેલું દૂધ તમારા માટે કેટલું સારું છે એ વિચારજો.

જે પણ થઈ રહ્યું છે એ કોઈના માટે બરાબર નથી. આશા રાખીએ કે આપ અમારી અબોલ લાગણીઓને સમજી શકો...

*અમારા લોહીનો રંગ લાલ છે. અમને વેદના થાય છે અને અમારી આંખમાંથી આંસુ પણ ખરે છે. અમને લાગણી થાય છે. પ્રેમ કરીએ છીએ. અમારે આંખ, કાન, નાક, જીભ ઈત્યાદિ છે. આત્મા છે. ટૂંકમાં, અમે પણ ઈશ્વરની દેન છીએ...*

***પ્રાણીઓ (જેનામાં પણ પ્રાણ હોય એ પ્રાણી) આપણાં જેવાં જ છે.***

***'જીવ જીવ છે-પછી એ કોઈ પણ હોય-બિલાડી, કૂતરો કે માણસ. એમાં કોઈ ફરક નથી. જે ફરક છે એ માણસોની દૃષ્ટિએ છે અને એ પોતાના સ્વાર્થ માટે ઊભો કરેલો છે.'***

***- શ્રી અરવિંદ.***

## છેલ્લે... વિનંતી...

આપણી દૂધની વધતી જતી માગના લીધે પ્રાણીઓની સંખ્યામાં બિનકુદરતી રીતે બેફામ વધારો કરવામાં આવી રહ્યો છે. ખૂબ જ ઓછાં વર્ષોમાં વધારેમાં વધારે દૂધ આપીને પ્રાણીઓનું ઉપયોગી આયુષ્ય ઓછું કરવામાં આવી રહ્યું છે. જીવતાં પ્રાણીઓની ચામડી (Leather) આપણાં જૂતાં, બેલ્ટ, પર્સ, જૅકેટ, ઈત્યાદિની જરૂરિયાત માટે ઉતારી લેવામાં આવે છે. આપણી રોજિંદી વપરાશની અને ખાવા-પીવાની ઘણી બધી વસ્તુઓ બનાવવા માટે પ્રાણીજન્ય વસ્તુઓનો વપરાશ થઈ રહ્યો છે.

આ દરેક વસ્તુઓ પ્રાણીહત્યાનું એક મોટું કારણ બની રહ્યું છે અને માંસ ઉદ્યોગને પીઠબળ આપી રહ્યું છે.

**આ પુસ્તિકામાં દૂધનો વપરાશ બને એટલો ઓછો કરવાની વિનંતી કરવામાં આવી છે એની પાછળ મનુષ્યજીવનના ઉત્કર્ષ માટેના પાયાના બે સિદ્ધાંતનો આધાર લેવામાં આવ્યો છે:**

**સૌ જીવો સાથે એકમેકના સહકારથી રહે:** કોઈ પણ જીવનું કલ્યાણ બીજા જીવોના કલ્યાણ પર આધારિત છે. આપણે કોઈ જીવને હાનિ પહોંચાડીએ તો આપણને ક્યારેય પણ સુખ અને શાંતિ નહીં મળે.

**ઓછામાં ઓછી જીવહિંસા:** જ્યારે પણ આપણે એવી પરિસ્થિતિમાં હોઈએ, જેમાં કોઈ નિર્દોષ જીવને હાનિ પહોંચવાની હોય અને બીજો કોઈ ઉપાય ન હોય ત્યારે આપણે એવો રસ્તો પસંદ કરવો જોઈએ, જેમાં કોઈ પણ જીવને સૌથી ઓછામાં ઓછી હાનિ પહોંચે.

આપણા ગુજરાતી ભાષાના મહાન કવિશ્રી ઉમાશંકર જોશીએ એક નાની કવિતા દ્વારા સમગ્ર માનવજાતને એક ચેતવણી આપી છે:

*વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી,*
*પશુ છે, પંખી છે, વનોની છે વનસ્પતિ.*
*વિંધાય છે પુષ્પ અનેક બાગનાં,*
*પીંખાય છે પાંખ સુરમ્ય પંખીની*
*જીવોતણી કાય મૂંગી કપાય છે,*
*ક્લેવરો કાનનનાં વિંધાય છે.*
*પ્રકૃતિમાં રમતાં એ દુભાશે લેશ જો દિલે,*
*શાંતિની સ્વપ્નછાયા યે કદી માનવને મળે???*

**અહિંસાના સાચા રસ્તે પ્રયાણ... શાકાહારીથી વેગન જીવનપદ્ધતિ...**

## આપણને ક્યારેય એવો વિચાર થાય ખરો કે પ્રાણીઓને તકલીફ આપે એવું કામ કરવાની જરૂર છે ખરી?

- જ્યારે ભગવાને આપણને ખાવા-પીવાની બીજી હજારો વસ્તુઓ આપી છે.
- જ્યારે આપણી આદતો આપણા પર્યાવરણને દૂષિત કરે છે.
- આપણા સ્વાસ્થ્યને હાનિ પહોંચાડે છે.
- જે કાર્ય આપણી સંવેદનાને બુઠ્ઠી કરે છે.
- જે કાર્ય આપણા 'સુસંસ્કૃત' (Civlised) હોવા વિશે શંકા ઊભી કરે છે.
- જ્યારે દરેક ધર્મ આપણને પ્રાણીઓ પ્રત્યે અનુકંપા રાખવાનું કહે છે.
- જે કાર્ય આપણી 'માનવતા' પર પ્રશ્નાર્થ  ઉઠાવે.

ઘણી બધી વાર મોટા ભાગની સમસ્યાઓ આપણા 'ચાલવા દો' અભિગમથી ઊભી થાય છે. આપણે વિચારવું જ નથી. આપણને ડર છે કે વિચારીશું તો તકલીફ થશે. કંઈક નવું કરવાની જરૂર પડશે અને એ આપણી પ્રકૃતિને ગમતી વાત નથી. માનવીને ઈશ્વર તરફથી મળેલી સૌથી મૂલ્યવાન વસ્તુ 'વિચારશક્તિ' છે.

**આપણે વિચારવું રહ્યું કે...**

## હવે...

આપણો આહાર અને રોજિંદી ચીજ-વસ્તુઓનો વપરાશ કેવો હશે, જેનાથી શાકાહારી શબ્દ પછી લાગેલું પ્રશ્નાર્થ ચિહ્ન (?) સાવ જ નીકળી જાય અને આપણે ગૌરવભેર કહી શકીએ કે...

**'આપણે શાકાહારી માણસો...'** **કોઈ પ્રશ્નાર્થ નહીં**

## પ્રાણીહિંસાનું

# વિષચક્ર

